


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 291
Dt.: 01-07-2025, Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ અંગે ભારત સરકારની પ્રતિક્રિયા

## ભારત અમેરિકા સાથે સમજૂતી કરવા ઈચ્છશે, પરંતુ તે માટે કેટલીક શરતો લાગુ થશે : નાણામંત્રી



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથે ટ્રેડ ડીલ કરવાની ઈચ્છા વ્યક્ત કર્યા બાદ ભારતે જવાબ આપ્યો છે. ટ્રમ્પે અમેરિકા-ભારત વચ્ચે ટૂંક સમયમાં ટ્રેડ સમજૂતી થવાની હોવાની જાહેરાત કરી હતી, ત્યારે હવે આ મામલે નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું કે, 'હા, કેમ નહીં, અમે અમેરિકા સાથે સારી સમજૂતી કરવા ઈચ્છીશું. આ મામલે ભારત સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. ભારત અમેરિકા સાથે જરૂર સારી સમજૂતી કરવા ઈચ્છશે, પરંતુ તે માટે કેટલીક શરતો લાગુ થશે. ભારતમાં એગ્રીકલ્ચર અને ડેયરી સેક્ટર માટે હજુ પણ નિશ્ચિત મર્યાદાઓ છે, જેના પર વિચારણા કરવાની જરૂર છે.' ટ્રમ્પે રવિવારે (૨૯ જૂન) સંકેત આપ્યા છે કે, ટૂંક સમયમાં જ ભારત સહિત કેટલાક દેશો સાથે ટ્રેડ ડીલ થવાની શક્યતા છે. ટ્રમ્પે કહ્યું કે, તેમણે ૯ જુલાઈની ટ્રેડ ડેડલાઈનને વધારવાની જરૂર નથી. આ ડેડલાઈન તે દેશો માટે નક્કી કરાઈ છે જે અમેરિકા સાથે નવી ટ્રેડ ડીલ કરવા ઈચ્છે છે તેથી વધારે ટેરિફથી બચી શકાય. તેમણે ભારત સાથે ટ્રેડ ડીલ પર પણ કહ્યું કે, આ ખૂબ જ જલ્દી થઈ શકે છે. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે કહ્યું કે, 'મને નથી લાગતું કે મારે ડેડલાઈનને વધારવાની જરૂર પડશે. જો ઈચ્છીએ તો વધારી શકીએ છીએ, કોઈ મોટી વાત નથી.' નાણામંત્રીએ અમેરિકા સાથે ટ્રેડ ડેલ કેમ જરૂરી છે, તે અંગે પણ નિવેદન આપ્યું છે. તેમણે મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, 'આપણે જે સ્થિતિ પર છીએ અને જે પ્રમાણે આપણું લક્ષ્યાંક છે, તે મુજબ આપણે જેટલું વહેલું મજબૂત અર્થવ્યવસ્થાઓ સાથે સમજૂતી કરીશું, તેટલું આપણા માટે સારી વાત છે.'ટ્રમ્પના જણાવ્યા મુજબ, ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલમાં આવી રહેલી અડચણો ટૂંક સમયમાં દૂર થઈ જશે. સમજૂતીમાં આઈટી, મેન્યુફેક્ચરિંગ, સર્વિસિઝ, ઓટોમોબાઈલ સેક્ટર સામેલ હોઈ શકે છે. આમ તો બંને દેશો વચ્ચેની ટ્રેડ ડીલ અંગે સ્થિતિ હજુ સુધી સ્પષ્ટ નથી, પરંતુ ટૂંક સમયમાં માહિતી સામે આવી જશે.સૂત્રના જણાવ્યા મુજબ, અમેરિકા અને ભારત વચ્ચે મુખ્યત્વે કૃષિ, ઓટોમોબાઈલ, ઔદ્યોગિક ઉત્પાદનો અને શ્રમજીવી પ્રોડક્ટ્સ સહિતના ક્ષેત્રો પર ડીલ થશે. અમેરિકાને કૃષિ અને ડેરી પ્રોડક્ટ્સમાં ડ્યૂટીમાં રાહત આપવાથી ભારત માટે પડકારો ઉભા થયા છે. ભારતે મુક્ત વેપાર કરારમાં ડેરી ક્ષેત્રે અત્યારસુધી કોઈ કરાર કર્યા નથી. જેથી આ ક્ષેત્રે મહત્ત્વના નિર્ણય લેવાઈ શકે છે. આ સિવાય અમેરિકા ઔદ્યોગિક ઉત્પાદનો, ઓટોમોબાઈલ્સ ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનો, વાઈન, પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સ, ડેરી, અને કૃષિ પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની ઈચ્છા ધરાવે છે. જ્યારે ભારતે ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી, લેધર ગુડ્સ, કપડાં, પ્લાસ્ટિક, કેમિકલ્સ, તેલિબિયાં સહિતની પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની માગ કરી છે.

### ઈરાનના ગ્રાન્ડ નેતા આયતુલ્લાહ શિરાજીનો ફતવો

## 'ટ્રમ્પ અને નેતન્યાહૂને જાનથી મારી નાખો'

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાનના શિયા ધાર્મિક નેતા ગ્રાન્ડ આયતુલ્લાહ નાસેર મકારીમ શિરાજીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સામે ફતવો જાહેર કર્યો છે. જેમાં ટ્રમ્પ અને નેતન્યાહૂને અલ્લાહના દુશ્મન ગણાવ્યા છે અને વિશ્વભરના મુસ્લિમોને બંનેને મારી નાખવાનું કહેવાયું છે.

આ ઉપરાંત ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈને ધમકી આપનાર કોઈપણ વ્યક્તિ કે સરકારને અલ્લાહનો દુશ્મન ગણવામાં આવશે.

નોંધનીય છે કે, ઈરાનના શિયા નેતાઓ આયતુલ્લા અલી ખામેનેઈને આપવામાં આવેલી ચેતવણીથી ગુસ્સે છે. એટલા માટે આ ફતવો જાહેર કરાયો છે.અહેવાલો અનુસાર, ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈ પરિવાર સાથે બંકરમાં છુપાયેલા છે. તેમણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપી છે કે જો ઈઝરાયલ અને અમેરિકા હવે ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર હુમલો કરશે તો તેના પરિણામો ખરાબ આવશે. ઈરાન તેની સંપૂર્ણ તાકાતથી જવાબ આપશે અને મધ્ય પૂર્વમાં અમેરિકન લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરશે. ખામેનીએ દેશવાસીઓને ઈઝરાયલ પર ઈરાનની જીતની જાહેરાત કરીને ઉજવણી કરવા પણ કહ્યું છે.લીડર આયતુલ્લા અલી ખામેનેઈની આ ચેતવણી પછી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને યોગ્ય જવાબ આપ્યો. તેમણે ખામેનેઈને કૃતઘ્ન ગણાવ્યા અને ચેતવણી આપી કે, 'જો ઈરાન ફરીથી પરમાણુ હથિયાર બનાવવાનો પ્રયાસ કરશે અથવા વિચારશે તો અમેરિકા પહેલા કરતા વધુ હુમલો કરશે. ઈઝરાયલ અને અમેરિકા બંને જાણે છે કે ખામેનેઈની ક્યાં છુપાયેલા છે.'ઉલ્લેખનીય છે કે, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ એક સમસ્યા બની રહે છે.

## આગામી ૩ જુલાઈને ગુરુવારથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

આગામી ૩ જુલાઈને ગુરુવારથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. અગાઉ, ઉધમપુરમાં જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે સુરક્ષા દળો અને પોલીસ સાથે મળીને જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર યાત્રાળુઓના જૂથનો ટ્રાયલ રનનું આયોજન કર્યું હતું. અમરનાથ યાત્રા ૨૦૨૫ને સુરક્ષિત બનાવવા માટે, CRPF એ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી છે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-44) પર વધારાના સુરક્ષા દળો તહેનાત કરવામાં આવ્યા છે, જે હજારો શ્રદ્ધાળુઓની અવરજવર માટેનો મુખ્ય માર્ગ છે.ઉધમપુર સેક્ટર જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધારીને હાઈવે પર પેટ્રોલિંગ મજબૂત બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૯ ડોગ સ્ક્વોડ યુનિટને પણ દેખરેખ માટે તહેનાત કરવામાં આવ્યા છે, જેથી કોઈપણ સંભવિત ખતરા પર તાત્કાલિક કાર્યવાહી કરી શકાય. અમરનાથ યાત્રાનો પહેલો જથ્થો ૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ જમ્મુના બેઝ કેમ્પથી રવાના થશે. આ અમરનાથ યાત્રા સત્તાવાર રીતે ૩ જુલાઈથી શરૂ થશે, જેમાં શ્રદ્ધાળુઓ બાલતાલ અને પહેલગામ બંને રૂટથી પવિત્ર ગુફા માટે રવાના થશે.

અમરનાથ યાત્રા ૨૦૨૫ પહેલા, CRPF એ હજારો શ્રદ્ધાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-44) પર ચુસ્ત બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા અમલમાં મૂકી છે. નાયબ પોલીસ અધિક્ષક (DSP) પ્રહલાદ કુમારે માહિતી આપી હતી કે આજે યોજાયેલ મોક ડ્રીલનો હેતુ સુરક્ષા દળો વચ્ચે સંકલનની અસરકારકતા ચકાસવા અને તેમના પ્રતિભાવનું મૂલ્યાંકન કરવાનો હતો. આ કવાયત સંપૂર્ણપણે સફળ રહી.

જમ્મુ અને કાશ્મીરના ડેપ્યુટી કમિશનર સચિન કુમાર વૈશ્યએ માહિતી આપી છે કે અમરનાથ યાત્રા ૨૦૨૫ માટે તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. તેમણે કહ્યું, "સરકાર આજથી સરસ્વતી ધામ ખાતે ટોકન વિતરણ શરૂ કરી રહી છે. અમે શ્રદ્ધાળુઓને મોટી સંખ્યામાં આવવા વિનંતી કરીએ છીએ.

### પાત્રતા ધરાવતો કોઈ મતદાર યાદીમાંથી બાકાત ના રહે તે સુનિશ્ચિત કરાશે

## ચૂંટણી પંચ ૨૦૦૩ની બિહાર મતદાર યાદી અપલોડ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય ચૂંટણી પંચ જલદી જ ૨૦૦૩ની બિહાર મતદાર યાદી પોતાની વેબસાઈટ પર અપલોડ કરશે, જેથી એમાં સામેલ લગભગ ૪.૯૬ કરોડ મતદારોને મતદાર યાદીના વિશેષ ઊંડાણપૂર્વકના પુનઃનિરીક્ષણ માટે ગણતરી ફોર્મની સાથે સંલગ્ન કરવામાં આવનાર પ્રાસંગિક ભાગને કાઢવામાં સરળતા રહે.ચૂંટણી પંચ દ્વારા બિહાર ચૂંટણી મશીનરીને આપેલી સૂચના અનુસાર, ૨૦૦૩ના વિશેષ ઊંડાણપૂર્વકના પુનઃનિરીક્ષણમાં સૂચિબદ્ધ કુલ મતદારોમાંથી ૬૦ ટકા એટલે કે ૪.૯૬ કરોડ મતદારોના સંશોધન પછી સામે આવેલી મતદાર યાદીના પ્રાસંગિક ભાગને છોડીને પોતાની જન્મ તારીખ, સ્થળ કે જન્મને પ્રમાણિકત કરનાર કોઈ સહાયક પ્રમાણપત્ર કે ડોક્યુમેન્ટ રજૂ કરવાની જરુરિયાત નથી. અન્ય ત્રણ કરોડ એટલે કે ૪૦ ટકા મતદારોએ પોતાની જન્મતારીખ કે જન્મસ્થળને પ્રમાણિત કરવા માટે ૧૧ સૂચિબદ્ધ દસ્તાવેજોમાંથી એક ડોક્યુમેન્ટ રજૂ કરવાનું રહેશે. ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું કે, મૂળ અભ્યાસ બાકીના ત્રણ કરોડ મતદારોમાંથી પ્રત્યેક વ્યક્તિની ઓળખ કરવાનો છે, ત્યાર પછી જ તેમના નામ મતદાર યાદીમાં સામેલ કરાશે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે રવિવારે જણાવ્યું કે, વિશેષ ઊંડાણપૂર્વકના પુનઃનિરીક્ષણથી એ સુનિશ્ચિત થશે કે કોઈ પણ પાત્રતા ધરાવનાર મતદાર યાદીમાંથી બહાર રહે નહીં અને કોઈ બિનપાત્રતા ધરાવતો મતદાર યાદીમાં સામેલ થઈ જાય નહીં.ઉલ્લેખનીય છે કે બિહાર વિધાનસભાની ૨૪૩ સીટો પર કુલ ૭.૭૮૯ કરોડ મતદારો છે. રાજ્યમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાવાની છે.

## જો બંધારણના કોઈપણ શબ્દને અડ્યા છો તો સખત વિરોધ કરાશેઃ કોંગ્રેસ પ્રમુખ ખડગેની RSSને ચેતવણી

### બેંગલુરુમાં પત્રકારો સાથે વાત કરતી વખતે મલ્લિકાર્જુન ખડગેએ હોસબોલેને મનુસ્મૃતિના સમર્થક ગણાવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

RSSના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ તાજેતરમાં બંધારણની પ્રસ્તાવનામાંથી સમાજવાદ અને ધર્મનિરપેક્ષતા શબ્દો દૂર કરવાની વાત કરી હતી. હોસબોલેના આ નિવેદન બાદ દેશમાં રાજકીય ખળભળાટ વધ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મામલે આકરી પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, જો બંધારણના કોઈપણ શબ્દને પણ અડ્યા છો તો કોંગ્રેસ તેનો સખત વિરોધ કરશે અને છેલ્લા શ્વાસ સુધી લડશે.



બેંગલુરુમાં પત્રકારો સાથે વાત કરતી વખતે મલ્લિકાર્જુન ખડગેએ હોસબોલેને મનુસ્મૃતિના સમર્થક ગણાવ્યા હતાં. તેમણે કહ્યું કે તેઓ ગરીબો અને નબળા વર્ગોને આગળ વધવા દેવા માંગતા નથી. તેઓ હજારો વર્ષ જૂની વ્યવસ્થા જાળવી રાખવા માંગે છે. એટલા માટે તેમને સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને બંધારણના મુખ્ય સિદ્ધાંતો પસંદ નથી. આ ફક્ત હોસબોલેના વિચાર નથી, પરંતુ સમગ્ર RSSની વિચારધારા છે.

દત્તાત્રેય હોસબોલેએ તાજેતરના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરે બંધારણના મૂળ પ્રસ્તાવનામાં આ શબ્દો મૂક્યા નહોતા. આ શબ્દો કટોકટી દરમિયાન ઉમેરવામાં આવ્યા હતા, જ્યારે દેશમાં મૂળભૂત અધિકારો સ્થગિત કરવામાં આવ્યા હતા અને સંસદ કાર્યરત ન હતી. જેથી આ શબ્દોને પ્રસ્તાવનામાં રાખવા જોઈએ કે નહીં તે અંગે ફરીથી ચર્ચા થવી જોઈએ. ખડગેએ સમગ્ર RSSને વંચિત સમુદાયોની વિરુદ્ધમાં ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે RSS ગરીબો, દલિતો, પછાત વર્ગો અને અન્ય વંચિત સમુદાયોની વિરુદ્ધમાં છે. જો તેઓ ખરેખર હિન્દુ ધર્મના રક્ષક છે, તો પહેલાં અસ્પૃશ્યતા જેવી દુષ્ટતાઓ દૂર કરે. RSS પાસે ઘણા બધા સંસાધનો અને સભ્યો છે, તેમણે અસ્પૃશ્યતાને દૂર કરવા માટે કામ કરવું જોઈએ, ફક્ત વાર્તાઓ બનાવીને દેશમાં ભ્રમ ફેલાવવો જોઈએ નહીં.

રાજ્યસભામાં વિપક્ષ નેતાએ કહ્યું કે દેશમાં સાંપ્રદાયિક સૌહાર્દ અને એકતા જાળવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આથી હું RSSને અપીલ કરૂ છું કે તેઓ ફક્ત નિવેદનો જ નહીં પણ કામ પર પણ ધ્યાન આપે. અમે બંધારણના કોઈપણ શબ્દ સાથે છેડછાડ કરવા દઈશું નહીં. તે આપણા દેશનો આત્મા છે અને અમે તેને બચાવવા માટે અમારી તમામ શક્તિ સાથે લડીશું.

નોંધનીય છે કે ખડગેનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે દેશમાં બંધારણની પ્રસ્તાવના અને તેના શબ્દો અંગે રાજકીય ચર્ચા તીવ્ર બની રહી છે. આવી સ્થિતિમાં, કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે તે બંધારણના મૂળભૂત સિદ્ધાંતોનું રક્ષણ કરવા માટે હંમેશા ખડેપગે તૈયાર રહેશે, બંધારણની મદદથી જ ભારત એક મજબૂત અને સમાવેશી લોકશાહી બન્યું છે.

### ઈરાને ટ્રમ્પનો બદલો ઈલોનથી લીધો

## સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ આપતી સ્ટારલિંક સામે ઈરાને પ્રતિબંધ મૂક્યો

**ઈરાનની સંસદે સ્ટારલિંક જેવી સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ સહિત લાઈસન્સ વિનાના ઈલેક્ટ્રોનિક સંચાર ઉપકરણોના ઉપયોગને ગુનાઈત બનાવતો કાયદો પસાર કર્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો બદલો ઉદ્યોગપતિ ઈલોન મસ્કથી લીધો છે. ઈરાનની સંસદે દેશમાં ઈલોન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંક પર પ્રતિબંધ મૂક્યો છે. ઈરાનની સંસદમાં કહેવામાં આવ્યું છે કે સ્ટારલિંક મંજૂરી વિના દેશમાં કાર્યરત હતી અને દેશની સાર્વભૌમત્વને જોખમમાં મૂકી રહી હતી.અહેવાલો અનુસાર, ઈરાનની સંસદે સ્ટારલિંક જેવી સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ સહિત લાઈસન્સ વિનાના ઈલેક્ટ્રોનિક સંચાર ઉપકરણોના ઉપયોગને ગુનાઈત બનાવતો કાયદો પસાર કર્યો છે. આ હેઠળ, ગુનેગારોને જેલની સજાનો સામનો કરવો પડશે. સ્ટારલિંકનો ઉપયોગ ઈન્ટરનેટ પ્રતિબંધો અને સ્થાનિક કંપનીઓની નબળી સેવાને કારણે કરવામાં આવ્યો હતો. ઈરાની અધિકારીઓને હવે ડર છે કે બિન-નિરીક્ષણ કરાયેલ મોબાઈલ ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કથિત ઈઝરાયલી જાસૂસોને તેલ અવીવનો સંપર્ક કરવામાં સક્ષમ બનાવી શકે છે. ઈઝરાયલ સાથેના ૧૨ દિવસના યુદ્ધ અને વિદેશી પ્રભાવ અને માહિતી નિયંત્રણ અંગે વધતી ચિંતાઓને ધ્યાનમાં રાખીને ૨૩મી જૂને ઈરાની સંસદમાં આ કાયદો રજૂ કરવામાં આવ્યો છે. એવા અહેવાલો સામે આવ્યા હતા કે, યુદ્ધ દરમિયાન ઈરાનમાં ઈન્ટરનેટ પ્રતિબંધ હોવા છતાં ઘણાં લોકો સ્ટારલિંકનો ઉપયોગ કરી રહ્યા હતા. આનાથી રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો વધે છે.'રાષ્ટ્રીય સુરક્ષા, હિત વિરુદ્ધ ઈઝરાયલ અને દુશ્મન દેશો સાથે જાસૂસી અને સહયોગ માટે દંડમાં વધારો' શીર્ષક ધરાવતા આ કાયદામાં ૯ કલમો છે. તે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાતી વિવિધ પ્રવૃત્તિઓ માટે કડક સજાની જોગવાઈ કરે છે. નવા કાયદા હેઠળ, ઈઝરાયલ અને અન્ય દુશ્મન રાજ્યો સાથે કોઈપણ ગુપ્ત માહિતી શેર કરવા પર મૃત્યુદંડની સજા છે.




# તંત્રી લેખ......

## કટોકટીની કાળી ટીલી

ભારતીય લોકશાહીના ઈતિહાસમાં કાળી ટીલી સમાન કટોકટીના દમનકારી નિર્ણયને બુધવારે ૫૦ વર્ષ થયા ત્યારે આખા દેશે ઈન્દિરા ગાંધી અને તેના કોંગ્રેસ પક્ષના કાળા કારનામાને એકી અવાજે વખોડી નાખ્યો. આ કલંકિત પ્રકરણને આમ તો ૫૦ વર્ષ થયા પણ તે દરમ્યાન આચરાયેલા દમનનો ભોગ બનેલા માટે આ ત્રાસ અને પીડાના ઘાવ હજી તાજા જ રહ્યા છે. બુધવારે કેન્દ્રીય મંત્રીમંડળે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ આ કાળા દિવસને વખોડતો ખાસ ઠરાવ પસાર કરીને દેશની લાગણીનો સીધો પડઘો પાડયો હતો. કેન્દ્રીય મંત્રીમડળના વરિષ્ઠ સભ્યોએ લોકશાહી અને બંધારણની હત્યાને દેશ કદી વિસરી શકશે નહીં એવો મત વ્યક્ત કર્યો હતો. દેશની આ લાગણીને માન આપીને ૫૦ વર્ષ અગાઉના અત્યાચારી નિર્ણયને વખોડવાના સ્થાને કોંગ્રેસે દેશમાં હાલે કટોકટી જેવી સ્થિતિ હોવાનો પાયા વગરનો આરોપ મૂકીને પોતાની માનસિકતા છતી કરી છે. કેન્દ્રીય મંત્રીમંડળને બેઠકમાં વડાપ્રધાન મોદીએ તે સમયની કોંગ્રેસ સરકાર પર લોકશાહીને બાનમાં લેવાઈ હોવાનો ખાસ ઉલ્લેખ કરીને અખબારી સ્વતંત્રતાનો ખાતમો કરાયો હતો તથા નેતાઓ અને સામાજિક આગેવાનોને જેલમાં પૂરીને તેમના પર અપાર અત્યાચાર કરાયો હોવાનું જણાવ્યું હતું. બેઠકમાં કટોકટીને લોકશાહીની હત્યા ગણાવતો ઠરાવ પસાર કરીને બે મિનિટનું મૌન રખાયું હતું. કેન્દ્રીય મંત્રીમંડળના આ ઠરાવ ઉપરાંત દેશભરમાં બેઠકો અને ચર્ચાસભાઓ યોજાઈ રહી છે જેમાં કટોકટીની કાળી અને ત્રાસદાયક યાદોને વાગોળવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે ભારે મજબૂત લોકશાહી ધરાવતા ભારતમાં ૫૦ વર્ષ અગાઉ તે સમયના વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદી હતી. તે સમયે તેમણે બહારી પડકારોનું કારણ આગળ ધર્યું હતું. પણ વાસ્તવમાં તેમની ચૂંટણી અંગે અલાહાબાદ વડી અદાલતના પ્રતિકૂળ ચુકાદા બાદ વડાપ્રધાનપદ બચાવવા તેમણે લોકશાહીને કાળી ટીલી લગાડી હતી. કટોકટીના સમયગાળા દરમ્યાન અખબારી સ્વાતંત્ર્યનો છેદ ઉડાડી દેવાયો હતો અને ઈન્દિરા ગાંધીના રાજકીય કે સામાજિક ટીકાકારોને જેલમાં બંધ કરીને ભારે ત્રાસ ગુજારાયો હતો. કમનસીબી એ છે કે કોંગ્રેસ તેની આ કાળી બાજુને યાદ કરવાની કોઈપણ સ્થિતિને સ્વીકારી શકતી નથી. કટોકટીની માફી માગીને લોકશાહી પર થયેલા તેના નુકસાનની દિલગીરી વ્યક્ત કરવાની તસ્દી પણ લીધી નથી. આ વખતે ૫૦મી વરસીએ પણ કોંગ્રેસે હાલના શાસનકાળને વણજાહેર કટોકટી સાથે સરખાવીને પોતાની નાલેશી દર્શાવી છે. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને મહામંત્રી જયરામ રમેશના દાવા તો એવા છે કે હાલે લોકશાહી પર પાંચગણા વધુ હુમલા થઈ રહ્યા છે. વિટંબણા એ છે કે કટોકટીના સમયે અત્યાચારનો ભોગ બનેલા અમુક નેતાઓ અને તેના રાજકીય પક્ષો હવે વિપક્ષમાં રહીને હવે કોંગ્રેસની ભાષામાં સૂર પુરાવવાનો જરા પણ છોછ અનુભવતા નથી. તેઓ રાજકીય હિતો માટે પોતે અનુભવેલી ત્રાસદીને વિસરી જાય એ આપણી લોકશાહી માટે શરમજનક ગણી શકાય. ખરેખર આપણી લોકશાહીને પરિપક્વતા અને આદર્શ સ્થિતિ પામવામાં હજુ લાંબો પંથ કાપવાનો બાકી હોવાની કડવી વાસ્તવિકતા સામે આવી છે.

કેન્દ્ર – રાજ્ય સરકાર દ્વારા જુલાઈ માસને 'ડેન્ગ્યુ વિરોધી માસ' તરીકે ઉજવાશે

# રાજ્યની ૨૦ હજાર કરતાં વધુ આરોગ્યની ટીમો દ્વારા જૂન માસમાં ૧.૪૮ કરોડ કરતાં વધુ ઘરોની તપાસ

### આ તપાસમાં અંદાજે ૧.૭૫ લાખ ઘરોમાં મચ્છરના પોરા તેમજ ૫.૧૧ કરોડ કરતાં વધુ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરાયો

સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં જુલાઈથી ઓકટોબર માસ દરમિયાન ડેન્ગ્યુના કેસોમાં ખૂબ વધારો જોવા મળે છે, જેથી દર વર્ષે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે દેશભરમાં જુલાઈ માસ 'ડેન્ગ્યુ વિરોધી માસ' તરીકે ઉજવવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૬ મે, ૨૦૨૫ના રોજ 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' **"Check, Clean, Cover: Steps to defeat Dengue"** ની થીમ સાથે સમગ્ર દેશમાં મનાવવામાં આવ્યો હતો. રાજ્યમાં મચ્છરની ઉત્પત્તિ અટકાવવા તેમજ ડેન્ગ્યુ અને તેનાથી થતા મૃત્યુ ઘટાડવામાં નાગરિકોનો સાથ-સહકાર પ્રાપ્ત થાય તે માટે એક ઝુંબેશ સ્વરૂપે અલગ અલગ પ્રવૃતિઓ રાજ્ય, જિલ્લા, કોર્પોરેશન તેમજ શહેરી અને ગ્રામીણ કક્ષાએ હાથ ધરવામાં આવી રહી છે.

રાજ્યમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગોના નિર્મૂલનની કામગીરીને વધુ સઘન બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે. ચોમાસાની ઋતુ દરમિયાન મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા તેમજ વાહકજન્ય રોગના અસરકારક નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા જૂન માસમાં રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં 'હાઉસ ટુ હાઉસ' અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું.

આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં કુલ ૨૦ હજાર કરતાં વધુ આરોગ્ય ટીમો દ્વારા ૧.૪૮ કરોડ કરતાં વધુ ઘરોની પ્રત્યક્ષ તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૧.૭૫ લાખ જેટલા ઘરોમાં મચ્છરના પોરા જોવા મળ્યા હતા, જેનો સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો હતો. વધુમાં ૫.૧૧ કરોડ કરતાં વધુ જગ્યાએ સંભવિત મચ્છર ઉત્પત્તિના સ્થાનો જણાતા તેમનો પણ નાશ કરવામાં આવ્યો હતો.

આ તપાસ દરમિયાન અંદાજે ૩.૬૩ લાખ કરતાં વધુ તાવના દર્દીઓ મળી આવતાં તેમના લોહીના નમૂના લઈને તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત મચ્છર ઉત્પત્તિ ન થાય તથા મચ્છરજન્ય રોગોથી કેવી રીતે બચવું તેના માટે પૂરતી સમજ નાગરિકોને આપવામાં આવી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજયમાં જનજાગૃતિ કેળવી જનસમુદાયની સક્રિય ભાગીદારી થકી આ વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડેન્ગ્યુ એ અર્બોવાયરસથી થતો અને એડીસ ઈજિપ્તી મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. દિવસ દરમિયાન કરડતો આ મચ્છર એક ચમચી જેટલા સંગ્રહ થયેલ સ્વચ્છ પાણીમાં પણ ઈંડા મૂકી શકે છે. તેથી ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહના તમામ પાત્રોની નિયમિત સફાઈ કરવી જોઈએ તેમજ પાણી સંગ્રહના પાત્રો હવાચુસ્ત ઢાંકણથી ઢાંકીને રાખવા જોઈએ. આ ઉપરાંત ઘર, અગાસી અને ઘરની આસપાસ પડી રહેલા નકામા ખાલી પાત્રો, ભંગાર, ટાયર, નાળિયેરની કાચલી વગેરેનો સત્વરે નાશ કરવો જોઈએ.

વધુમાં, મચ્છરોના ડંખથી બચવા આખી બાંયનાં કપડાં પહેરવાં તથા શરીરના ખુલ્લા ભાગ પર મચ્છર વિરોધી ક્રીમનો ઉપયોગ કરવો, સુતી વખતે જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરવો, બારી બારણામાં મચ્છરજાળી લગાવવી તેમજ સખત તાવ, આંખોના ડોળાની પાછળ દુખાવો, સ્નાયુ-સાંધાનો દુખાવો અને શરીર પર ચકામા કે ઓરી જેવા દાણા દેખાય તો તુરંત નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો. ડેન્ગ્યુ અને ચિકનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી, જેથી ડૉક્ટરના માર્ગદર્શન વગર દવાઓ લેવી નહીં તેમજ આવા દર્દીએ સારવાર માટે એસ્પિરિન દવાનો ઉપયોગ કરવો નહીં. આ ઉપરાંત તાવ દરમિયાન પુષ્કળ પ્રવાહી લેવા તેમજ સંપૂર્ણ આરામ કરવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવ્યું છે.

- જીગર બારોટ

# જૂન મહિનામાં ભાવનગર રેલવે મંડળના ૨૧ કર્મચારીઓ અને ૨ સહાયક અધિકારીઓ સેવાનિવૃત્ત થયા





પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં આ વર્ષનો છઠ્ઠો સેવાનિવૃત્તિ વિદાય કાર્યક્રમ ૩૦ જૂન ૨૦૨૫ (સોમવાર) ના રોજ મંડળ કાર્યાલયના કોન્ફરન્સ રૂમમાં અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. વિવિધ વિભાગોના કુલ ૨૧ કર્મચારીઓ અને ૨ સહાયક અધિકારીઓ ૩૦.૦૬.૨૦૨૫ ના રોજ વય મર્યાદા પૂર્ણ થવાને કારણે સેવાનિવૃત્ત થયા હતા. જેમાં સહાયક વાણિજ્યિક પ્રબંધક શ્રી કલ્પેશ કુમાર જી. દવે સાથે વાણિજ્ય વિભાગના કુલ ૪, એન્જિનિયરિંગ વિભાગના ૬, પરિચાલન વિભાગના ૨, મિકેનિકલ વિભાગ **(C&W)** ના ૩, ઈલેક્ટ્રિકલ વિભાગ **(TR)** ના ૩, ઈલેક્ટ્રિકલ વિભાગ (પાવર) ના ૨, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગના ૧, સ્થાપના વિભાગના ૧ અને રેલવે સુરક્ષા બળના ૧ કર્મચારી સેવાનિવૃત્ત થયા છે.

ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, ભાવનગર ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં તમામ નિવૃત્ત કર્મચારીઓને સન્માનજનક વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે નિવૃત્ત થઈ રહેલા કેટલાક કર્મચારીઓના પરિવારના સભ્યો પણ હાજર હતા.

અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માએ તમામ કર્મચારીઓને તેમની સંપૂર્ણ સેવા સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન આપ્યા અને કહ્યું કે તમે આ સંસ્થાને તમારા જીવનનો કિંમતી સમય આપ્યો છે. તેથી, આ પ્રશંસનીય સેવા માટે અમે બધા તમારા બધાનો આભાર માનીએ છીએ. સંસ્થામાં તમારી બધાની ચોક્કસ કમી મહસૂસ થશે, પરંતુ બધા કર્મચારીઓની નિવૃત્તિ ચોક્કસ દિવસે નક્કી કરવામાં આવે છે અને તેઓએ સંસ્થા છોડી દેવી પડે છે.

તેમણે તમામ કર્મચારીઓને તેમના નિવૃત્તિ લાભોનું યોગ્ય અને સુરક્ષિત રીતે રોકાણ કરવાની સલાહ આપી અને છેતરપિંડી માટે આવતા છેતરપિંડીના કોલથી સાવધાન રહેવાની સલાહ આપી.

વરિષ્ઠ મંડલ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગન સેવાનિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓને તેમના સેટલમેંટ અંગે માર્ગદર્શન આપ્યું અને તેમને શુભકામનાઓ પાઠવી. બેઠકમાં હાજર તમામ શાખા અધિકારીઓએ પણ કર્મચારીઓના યોગદાનની પ્રશંસા કરી અને તેમને સ્વસ્થ અને સુખી નિવૃત્ત જીવનની શુભેચ્છા પાઠવી.

સેવાનિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓએ ભારતીય રેલવે અને તેમના સાથીદારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને કહ્યું કે આપણે બધા ભાગ્યશાળી છીએ કે આપણને આટલી મોટી સંસ્થામાં સેવા આપવાની તક મળી અને આજે આપણને સન્માનજનક વિદાય આપવામાં આવી રહી છે.

નિવૃત્ત થનારા તમામ કર્મચારીઓને અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા દ્વારા સેવા પ્રમાણપત્રો અને મેડલ એનાયત કરવામાં આવ્યા. સહાયક કાર્મિક અધિકારી શ્રી સંતોષ કુમાર વર્માએ આભાર જ્ઞાપન કર્યા અને કાર્યક્રમ રાષ્ટ્રગીત સાથે સમાપ્ત થયો.

દસ વર્ષે ૧૯૫ ટકાનો વધારો

# આણંદ-ખેડા જિલ્લામાં સારસ ક્રેનની વસ્તી ગણતરી કરાઈ

### ૧૮ તાલુકાના ૧૯૯ ગામોમાં ૧૪૭ પેટા-પુખ્ત વયના લોકો સહિત કુલ ૧,૪૭૭ સારસ ક્રેનનું ડોક્યુમેન્ટેશન કરવામાં આવ્યું હતુ

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

ઉનાળાની ઋતુમાં વર્ષના સૌથી લાંબા દિવસે યોગાનુયોગે યુપીએલ દ્વારા જૂન, ૨૦૨૫ માં દસમી વાર્ષિક સારસ ક્રેન ગણતરી હાથ ધરવામા આવી હતી. જેમાં આણંદ અને ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬ની ગણતરીમાં કુલ ૧,૪૭૭ સારસ ક્રેન નોંધાયા હતા, જે ૨૦૧૫-૧૬ના મૂળ વર્ષથી ૧૯૫ ટકાનો વધારો દર્શાવે છે. ૨૦૧૫-૧૬માં સારસ પક્ષીની સંખ્યા ૫૦૦ હતી.

વિશ્વમાં સૌથી લાંબા પક્ષી જે ઉડવાની ક્ષમતા રાખે છે એવો ભારતીય સારસ ક્રેન ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઈયુસીએન) રેડ લિસ્ટ હેઠળ સંવેદનશીલ ગણવામાં આવ્યા છે. પરંપરાગત રીતે જળપ્લાવિત વિસ્તારોમાં જોવા મળતા આ સારસ ક્રેને માનવ સાથે સહઅસ્તિત્વ અપનાવી લીધું છે અને ખોરાક તથા પ્રજનન માટે ખેતરો પર વધુને વધુ નભતા થયા છે. ખેડા અને આણંદ જિલ્લાઓએ સારસ ક્રેનના આંકડામાં નોંધપાત્ર વધારો દર્શાવ્યો છે જે ટકાઉ સંવર્ધન પ્રયાસોની સફળતા દર્શાવે છે. આજે ગુજરાત ગર્વભેર સમગ્ર ભારતમાં બીજા ક્રમની સૌથી વધુ વાઈલ્ડ સારસ ક્રેન વસ્તી ધરાવે છે જે અમારા પ્રયાસો અને પ્રગતિના ચાલકબળનું પ્રમાણ છે. નોંધનીય છે કે અમે છેલ્લા ૧૦ વર્ષોમાં તેમના આંકડામાં ૧૯૫ ટકાનો વધારો જોયો છે. ૧૮ તાલુકાના ૧૯૯ ગામોમાં ૧૪૭ પેટા-પુખ્ત વયના લોકો સહિત કુલ ૧,૪૭૭ સારસ ક્રેનનું ડોક્યુમેન્ટેશન કરવામાં આવ્યું હતું.

લિંબાસી અને વસ્તાના ખાતે કૃષિ ક્ષેત્રોમાં ૧૫૩ ક્રેન સાથે સૌથી મોટો સમૂહ નોંધાયો હતો. મુખ્ય વેટલેન્ડ સમૂહોમાં ઓઝરાલ્લા (૮૬ ક્રેન), પેરિએજ (૬૯ ક્રેન) અને ત્રાજ (૬૫ ક્રેન)નો સમાવેશ થાય છે.નોંધનીય છે કે ઉનાળાની ઋતુ દરમિયાન ૬ પ્રજનન જોડીઓ માળો બનાવતી જોવા મળી હતી, જેમાં આઠ બચ્ચાં સફળતાપૂર્વક બહાર આવ્યા હતા જે સારસ ક્રેનના પ્રજનન વર્તનમાં સંભવિત પરિવર્તન સૂચવે છે.

શુભાંશુ શુક્લાએ ગાજરનો હલવો અને કેરીનો રસ ખાધો

# અવકાશયાત્રીઓનો આહાર પૃથ્વી પરના આહારથી ખૂબ અલગ હોય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અવકાશયાત્રીઓનો આહાર યોજના સામાન્ય લોકોના ખોરાક કરતા અલગ હોય છે. તેમને ખાસ ખોરાક આપવામાં આવે છે, જે ત્યાં લાંબા સમય સુધી બગડતો નથી અને ખાસ રીતે પેક કરવામાં આવે છે. મહત્વન છે કે આ વચ્ચે પણ શુભાંશું શુક્લા એક ખાસ ગુજરાતી વાનગી અવકાશમાં લઈ ગયા છે.

અવકાશયાત્રી શુભાંશુ શુક્લા ગઈકાલે ઐતિહાસિક ઉડાન માટે અવકાશમાં ગયા છે. તેમના ૧૪ દિવસના મિશન માટે જરૂરી વસ્તુઓની સાથે, તેમણે ગાજરનો હલવો અને કેરીનો રસ પણ ખાધો છે.

આ પછી, દરેકના મનમાં આ પ્રશ્ન આવી રહ્યો છે કે અવકાશમાં તેમનો ખોરાક કેવો હોય છે. શું તેઓ પૃથ્વી પરના સામાન્ય માણસની જેમ ત્યાં ખોરાક ખાય છે કે કોઈ અલગ રીતે છે, ચાલો જાણીએ. પહેલાં, અવકાશયાત્રીઓ બાળકના ખોરાકને અવકાશમાં લઈ જતા હતા, પરંતુ હવે મુસાફરો થર્મો-સ્ટેબિલાઈઝ્ડ એટલે કે ઓછી ભેજવાળા ખોરાક પણ ખાય છે, જોકે તેમાં પાણી ઉમેરીને ખાવામાં આવે છે. કેટલાક ખોરાક પાણી મિક્સ કરીને અવકાશમાં ખાવામાં આવે છે, જ્યારે કેટલાક ખોરાક પાણી વગર ખાવામાં આવે છે. ત્યાં મર્યાદિત માત્રામાં જ ખોરાક ખાવાની મંજૂરી છે, તેથી વજન અનુસાર ખોરાક નિયંત્રિત કરવામાં આવે છે. લોકો ત્યાં ફળો, બ્રાઉની, ફ્રીઝ-ડ્રાય ફૂડ વસ્તુઓ ખાઈ શકે છે. આજે અવકાશમાં ખાવા માટે રિહાઈડ્રેટેડ ફૂડ વસ્તુઓમાં ચિકન કોન્સોમ, ચીઝ, મેકરોની, ઝીંગા કોકટેલ એપેટાઈઝર અને સ્ક્રેમ્બલ્ડ એગ્સ વગેરે જેવા સૂપનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અવકાશયાત્રીઓ માઈક્રોએલ્ગી, પ્રયોગશાળામાં ઉગાડવામાં આવેલ માંસ અને વાઈન ગોળીઓ જેવા સુપરફૂડ પણ લે છે. અવકાશયાત્રીઓ માટે ખાતરી કરવામાં આવે છે કે તેમનો ખોરાક પૌષ્ટિક તેમજ સ્વાદિષ્ટ હોય. પરંતુ બ્રેડ, સૂકું મીઠું અને મરી, કાર્બોનેટેડ પીણાં, આલ્કોહોલ અને તાજા ફળો અને શાકભાજી જેવી કેટલીક વસ્તુઓ લઈ શકાતી નથી. અવકાશમાં તાજું પાણી ઓછું છે, તેથી ત્યાં લેવાનો ખોરાક એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે વધુ પાણીની જરૂર ન પડે અને તે લાંબા સમય સુધી બગડે નહીં. અવકાશયાત્રીઓને આપવામાં આવતો ખોરાક ખાસ પેકેટ અને નાના ટુકડાઓમાં રાખવામાં આવે છે. પ્રવાહી ટ્યુબમાં રાખવામાં આવે છે જેથી તેઓ સરળતાથી ખાઈ શકાય. તેમને ટુકડા વગરનો ખોરાક આપવામાં આવે છે જેથી નાના ટુકડા હવામાં તરતા ન રહે અને લોકો અને મશીનોને નુકસાન ન પહોંચાડે. ચા, કોફી અને જ્યુસ પાવડર સ્વરૂપમાં ત્યાં મોકલવામાં આવે છે અને પાણીમાં ભેળવીને પીવામાં આવે છે. જો કોઈ અવકાશયાત્રી ત્યાં ખૂબ લાંબા સમય સુધી રહે છે, તો તેનો આહાર પણ તેમના અનુસાર હોય છે જેથી વજન ઘટે નહીં અને સ્નાયુઓ અને હાડકાં નબળા ન પડે. મહત્વનું છે કે ગતરોજ જ્યારે શુભાંશુંએ **PM** મોદી સાથે વાત કરી ત્યારે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તમે જે ગાજરનો હલવો અને અન્ય સામગ્રી લઈ ગયા છો તે અન્ય મિત્રોને ચખાડ્યું કે નહીં. ત્યારે તેમણે અઅ ગુજરાતી વાનગી અંગે મહત્વની વાત કરી હતી.

# સ્ત્રી મિત્રને ચોકલેટ ખવડાવીને ૫૯ વર્ષીય વૃદ્ધ ફસાઈ ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લામાં મેમણ સમાજના ૫૯ વર્ષીય અગ્રણી ફારૂકભાઈ કાદરભાઈ ઉર્ફે રાજુભાઈ મેમણે સુભાષ શાક માર્કેટ નજીક દુકાન ચલાવતા અને કાલાવડ નાકા બહાર મકવાણા સોસાયટીમાં રહેતા અબ્દુલસતાર કાસર લાખાણી તથા સમીર રાવકરડા સામે સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બદનક્ષી કર્યાની તેમજ બ્લેકમેલ કર્યાની ફરિયાદ નોંધાવી હતી. બનાવને લઈને જો તમે પણ વિગતવાર જાણશો તો ૨ ઘડી તો તમે પણ નવાઈ પામી જશો અને આશ્ચર્યમાં મુકાઈ જશો.આ ફરિયાદમાં જણાવ્યા અનુસાર ગઈ તા.૧૦ના સાંજે રાજુભાઈ મેમણ પોતાના એક સ્ત્રી મિત્ર સાથે અબ્દુલસતાર ઉર્ફે અબુ લાખાણીની દુકાને ડ્રાયફ્રૂટ ખરીદવા માટે ગયા હતા જ્યાં તેઓએ ચોકલેટ પણ ખરીદ્યા પછી તેઓએ પોતાના સ્ત્રી મિત્રને તે ચોકલેટ ખવડાવી હતી.

# રેલવેએ ૧ જુલાઈ ૨૦૨૫ થી પેસેન્જર ટ્રેન સેવાઓ માટે મૂળભૂત ભાડાને તર્કસંગત બનાવ્યો

સામાન્ય વર્ગમાં ૫૦૦ કિમી સુધીનો વધારો નહીં; ૫૦૧ થી ૧૫૦૦ કિમી સુધીના અંતર માટે ૫ રૂપિયા અને ૨૫૦૦ કિમી સુધીના અંતર માટે ૧૦ રૂપિયા અને ૨૫૦૧ થી ૩૦૦૦ કિમી સુધીના અંતર માટે ૧૫ રૂપિયાનો વધારો.

ભાડા માળખાને સુવ્યવસ્થિત કરવા અને મુસાફરોની સેવાઓની નાણાકીય ટકાઉપણું વધારવાના હેતુથી, રેલ્વે મંત્રાલયે પેસેન્જર ટ્રેન સેવાઓના મૂળ ભાડાને તર્કસંગત બનાવ્યો છે, જે ૦૧ જુલાઈ ૨૦૨૫ થી અમલમાં આવશે. સુધારેલા ભાડા ભારતીય રેલ્વે કોન્ફરન્સ એસોસિએશન **(IRCA)** દ્વારા જારી કરાયેલ અપડેટેડ પેસેન્જર ભાડા ટેબલ પર આધારિત છે.

ભાડા તર્કસંગતતાના મુખ્ય હાઈલાઈટ્સ (૧ જુલાઈ ૨૦૨૫ થી અમલમાં):

ઉપનગરીય સિંગલ મુસાફરી ભાડા અને સીઝન ટિકિટમાં કોઈ ફેરફાર નથી (ઉપનગરીય અને બિન-ઉપનગરીય બંને રૂટ માટે).

સામાન્ય નોન-એસી વર્ગો (નોન-સબર્બન ટ્રેનો) માટેઃ

સેકન્ડ ક્લાસઃ પ્રતિ કિલોમીટર ૦.૫ પૈસાનો વધારો શરતને આધીન

૫૦૦ કિમી સુધી કોઈ વધારો નહીં

૫૦૧ થી ૧૫૦૦ કિ.મી.ના અંતર માટે ૫ રૂપિયાનો વધારો

૧૫૦૧ થી ૨૫૦૦ કિ.મી. ના અંતર માટે ૧૦ રૂપિયાનો વધારો

૨૫૦૧ થી ૩૦૦૦ કિ.મી. ના અંતર માટે રૂ. ૧૫ નો વધારો

સ્લીપર ક્લાસઃ પ્રતિ કિલોમીટર ૦.૫ પૈસાનો વધારો

ફર્સ્ટ ક્લાસઃ પ્રતિ કિલોમીટર ૦.૫ પૈસાનો વધારો

મેલ/એક્સપ્રેસ ટ્રેનો (નોન-એસી) માટેઃ

સેકન્ડ ક્લાસઃ પ્રતિ કિલોમીટર ૦૧ પૈસાનો વધારો

સ્લીપર ક્લાસઃ પ્રતિ કિલોમીટર ૦૧ પૈસાનો વધારો

ફર્સ્ટ ક્લાસઃ પ્રતિ કિલોમીટર ૦૧ પૈસાનો વધારો

એસી ક્લાસ (મેલ/એક્સપ્રેસ ટ્રેનો) માટેઃ

એસી ચેર કાર, એસી ૩-ટાયર/૩-ઈકોનોમી, એસી ૨-ટાયર, અને એસી ફર્સ્ટ/એક્ઝિક્યુટિવ ક્લાસ/એક્ઝિક્યુટિવ અનુભૂતિઃ પ્રતિ કિલોમીટર ૦૨ પૈસાનો વધારો

ભાડામાં સુધારો પ્રીમિયર અને સ્પેશિયલ ટ્રેન સેવાઓ પર પણ લાગુ પડે છે જેમ કે રાજધાની, શતાબ્દી, દુરંતો, વંદે ભારત, તેજસ, હમસફર, અમૃત ભારત, મહામના, ગતિમાન, અંત્યોદય, જન શતાબ્દી, યુવા એક્સપ્રેસ, એસી વિસ્ટાડોમ કોચ, અનુભૂતિ કોચ, અને સામાન્ય બિન-ઉપનગરીય સેવાઓ સુધારેલા વર્ગવાર ભાડા માળખા અનુસાર.

આનુષંગિક ખર્ચમાં કોઈ ફેરફાર નથીઃ

★ રિઝર્વેશન ફી, સુપરફાસ્ટ સરચાર્જ અને અન્ય ચાર્જ યથાવત રહેશે.

★ લાગુ નિયમ મુજબ **GST** વસૂલવામાં આવશે.

★ ભાડા રાઉન્ડિંગ સિદ્ધાંતો હાલના ધોરણો મુજબ જ રહે છે.

અમલીકરણ

સુધારેલા ભાડા ૦૧.૦૭.૨૦૨૫ ના રોજ અથવા તે પછી બુક કરાયેલી ટિકિટો પર લાગુ થશે. આ તારીખ પહેલાં જારી કરાયેલી ટિકિટ કોઈપણ ભાડા ગોઠવણ વિના હાલના ભાડા પર માન્ય રહેશે. **PRS, UTS** અને મેન્યુઅલ ટિકિટિંગ સિસ્ટમ્સને તે મુજબ અપડેટ કરવામાં આવી રહી છે.

સુધારેલા ભાડા માળખાના સરળ અમલીકરણની ખાતરી કરવા માટે રેલ્વે મંત્રાલયે તમામ ઝોનલ રેલ્વેને જરૂરી સૂચનાઓ જારી કરી છે. ઝોનલ રેલ્વેને પણ બધા સ્ટેશનો પર ભાડાના ડિસ્પ્લે અપડેટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

સુધારેલા પેસેન્જર ભાડા કોષ્ટક જોવા માટે, અહીં ક્લિક કરો.

# સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ગામમાં મકાન ધરાશાયી થતા બે બાળકોના મોત : એક ગંભીર રીતે ઘાયલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



છેલ્લા ૧૫ દિવસથી સમગ્ર ગુજરાતમાં અનારાધાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ વરસાદ મન મુકીને વરસી રહ્યો છે.

ત્યારે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ગામમાં વરસાદમાં ભેજના પગલે કાચા મકાનની દિવાલ ધરાશાયી થતા બે બાળકોના મોત થયા હોવાના સામાચારો પ્રાપ્ત થયા છે. મકાન ધરાશાયી થતા ૭ વરસ તેમજ ૪ વરસના બાળકનુ મોત નિપજતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. મળતી માહિતી પ્રમાણે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી વરસાદ મન મુકીને વરસી રહ્યો છે ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં વૃક્ષ ધરાશાયી અને મકાનો ધરાશાયી ની ઘટનાઓ વધી રહી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ગામે મકાન ધરાશાયી થતા બે બાળકોના મોત નિપજયા હતા. અચાનક દિવાલ ધરાશાયી થતા બે બાળકોના કરૂણ મોત નિપજયા જયારે અન્ય એક બાળક ગંભીર રીતે ઘાયલ થયો છે. ઘટનામાં ૭ વરસ તેમજ ૪ વરસના બાળકનુ મોત થવાથી વિસ્તારમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે અને પરીવારજનોમાં શોક નો કાલીમા છવાઈ ગયો છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો. ૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર કોન્ટ્રેક્ટના ધારાધોરણોમાં ફેરફાર સાથેના કોટનના વાયદા કામકાજ માટે આજથી ઉપલબ્ધ

**કોટન-ખાંડી વાયદામાં રૂ.૯૮૦નો ઉછાળો: સોનાના વાયદામાં રૂ.૪૭૦ અને ચાંદીના વાયદામાં રૂ.૨૪૨ની વૃદ્ધિ: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૪નો સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૬૫૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૫૪૮૪૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૧૯૧૧ કરોડનાં કામકાજ: બુલડેક્સ વાયદો ૨૨૪૦૫ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૬૯૫૦૦.૪૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૬૫૪.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૫૪૮૪૪.૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જુલાઈ વાયદો ૨૨૪૦૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૧૪.૦૭ કરોડનું થયું હતું.

દરમિયાન, એક્સચેન્જે એક પરિપત્ર મારફત જણાવ્યું છે કે એમસીએક્સ પર રૂ (કોટન)ના વાયદા, નવેમ્બર અને ત્યારબાદની પાકતી તારીખ ધરાવતા કોન્ટ્રેક્ટ્સમાં ૧લી જુલાઈને મંગળવારથી કોન્ટ્રેક્ટના ધારાધોરણોમાં ફેરફાર સાથે ઉપલબ્ધ બનશે. કોટનનાં કોન્ટ્રેક્ટના ધારાધોરણોમાં જે ફેરફાર કરવામાં આવ્યો છે તે જોઈએ તો, તેનો સિમ્બોલ (સંજ્ઞા) કોટન-ખાંડી (કેન્ડી)ના બદલે કોટન રહેશે. ટ્રેડિંગ યુનિટ ૧૨ ખાંડીમાંથી ૨૫ ગાંસડીનું કરવામાં આવ્યું છે. ડિલિવરીનું યુનિટ ૧૨ ખાંડી (૧૭૦ કિલોની ૨૫ ગાંસડી)નું બદલાવીને ૭ ટકાની વધઘટ સાથે ૧૭૦ કિલોની ૧૦૦ ગાંસડી એટલે કે ૧૭૦ ક્વિન્ટલનું કરાયું છે. ક્વોટેશન/બેઝ વેલ્યુ ૧૭૦ કિલોની ગાંસડીદીઠ રૂપિયામાં રખાયું છે. કોટનના આ કોન્ટ્રેક્ટ્સમાં મહત્તમ ઓર્ડરનું પ્રમાણ ૫૭૬ ખાંડીમાંથી ૧૨૦૦ ગાંસડીનું કરવામાં આવ્યું છે. સ્ટેપલ ૨.૫ ટકા સ્પાન લેન્થ: ૨૯ મિ.મી. (-૧ મિ.મી.) પ્રોરેટા ધોરણે ૧.૫ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રખાઈ છે, જ્યારે ૨૮ મિ.મી.થી નીચું પ્રમાણ ૨દ ગણાશે અને ૨૯ મિ.મી.થી ઊંચા પ્રમાણ પર કોઈ વધારાનું પ્રીમિયમ રહેશે નહીં. મહત્તમ છૂટપાત્ર ઓપન પોઝિશન વ્યક્તિગત ગ્રાહકો માટે ૩,૪૦,૦૦૦ ગાંસડીનું અને તમામ ગ્રાહકો વતી સભ્ય માટે એકત્રિત ૩૪,૦૦,૦૦૦ ગાંસડી અથવા બજારવાર પોઝિશનના ૧૫ ટકા, એ બંનેમાંથી જે વધુ હોય તે રહેશે. નજીકના મહિનાની ડિલિવરીના સંબંધમાં વ્યક્તિગત ગ્રાહકો માટે ૮૫,૦૦૦ ગાંસડી અને નજીકના મહિના માટે તમામ ગ્રાહકો વતી સભ્યસ્તરે પોઝિશનની એકત્રિત મર્યાદા ૮,૫૦,૦૦૦ ગાંસડી અથવા બજારવાર પોઝિશનના ૧૫ ટકા એ બંનેમાંથી જે વધુ હોય તે રાખવામાં આવી છે.

સોમવારે સાંજે ૪-૧૫ વાગ્યા સુધીમાં એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૧૯૧૧.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૪૯૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૬૦૯૫ અને નીચામાં રૂ.૯૫૩૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૫૪૭૦ના આગલા બંધ સામે રૂ.૪૭૦ વધી રૂ.૯૫૯૪૦ થયો હતો. ગોલ્ડ-ગિની જૂન વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૪૩ વધી રૂ.૭૭૯૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ જૂન વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૩ ઘટી રૂ.૯૭૩૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૨ વધી રૂ.૯૫૪૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૬૩૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૬૩૩૯ અને નીચામાં રૂ.૯૫૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૯૬૦૬૩ના આગલા બંધ સામે રૂ.૧૧૮ વધી રૂ.૯૬૧૮૧ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧૦૫૦૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૫૭૯૦ અને નીચામાં રૂ.૧૦૫૦૦૬ના મથાળે અથડાઈ, રૂ.૧૦૫૨૨૮ના આગલા બંધ સામે રૂ.૨૪૨ વધી રૂ.૧૦૫૪૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૫૨ ઘટી રૂ.૧૦૫૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૧૪૮ વધી રૂ.૧૦૫૧૩૧ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૭૫૦.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જુલાઈ વાયદો બેરલદીઠ રૂ.૫૫૮૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૪૪ અને નીચામાં રૂ.૫૫૭૨ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૦૧ના આગલા બંધ સામે રૂ.૧૪ વધી રૂ.૫૬૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૧૨ વધી રૂ.૫૬૧૬ થયો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૧ ઘટી રૂ.૩૦૭.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો રૂ.૧૦.૭ ઘટી રૂ.૩૦૭.૯ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ.૯૦૮.૬ના ભાવે ખૂલી, રૂ.૧.૯ ઘટી રૂ.૯૧૧.૩ થયો હતો. કોટન ખાંડી જુલાઈ વાયદો ખાંડીદીઠ રૂ.૯૮૦ વધી રૂ.૫૪૦૨૦ થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૭૩૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૦૫૩૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૬૩૬૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૨૦૯૦૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૨૮૩૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૫૯૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૫૯૭૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૦૩૬૮ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૯૬૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૦૮૫૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જુલાઈ વાયદો ૨૨૩૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૨૪૦૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૩૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૯ પોઈન્ટ વધી ૨૨૪૦૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૧ વધી રૂ.૧૮૮.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૬૫ ઘટી રૂ.૧૭.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું જૂન રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૭ વધી રૂ.૨૨૨ થયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૦૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૩ વધી રૂ.૩૧૩૩.૫ થયો હતો. તાંબું જુલાઈ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫૧ પૈસા વધી રૂ.૧૧.૮૨ થયો હતો. જસત જુલાઈ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫ પૈસા વધી રૂ.૪.૯૯ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૩ ઘટી રૂ.૧૭૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૪૫ વધી રૂ.૨૦.૧૫ના ભાવે બોલાયો હતો.

સોનું જૂન રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯ ઘટી રૂ.૩૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૧ ઘટી રૂ.૫૯૧.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જુલાઈ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૫ ઘટી રૂ.૮.૨ના ભાવે બોલાયો હતો. જસત જુલાઈ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૨ પૈસા ઘટી રૂ.૪.૩૭ના ભાવે બોલાયો હતો.

## ગુજરાત સરકારને ન્યાયીક રાહત : હાઈકોર્ટે ૨૭ ટકા ઓબીસી અનામતના નિર્ણયને આપી મંજુરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે રાજય સરકારના નિર્ણયના પક્ષમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે જેના કારણે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓમાં ઓબીસી વર્ગ માટે ફાળવાયેલ ૨૭ ટકા અનામત હવે યથાવત રહેશે.




આ અંગે દિનેશ બાંભણીયાએ અરજી દાખલ કરી હતી. જેમાં રાજયના નિર્ણયને સુપ્રિમ કોર્ટની માર્ગદર્શિકા સામે ગણાવીને પડકારાવવામાં આવ્યો હતો. દિનેશ બાંભણીયા દ્વારા દાખલ કરાયેલ અરજીઓમાં મુખ્યત્વે બે મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. જેમાં (૧) ૨૭ ટકા ઓબીસી અનામત સુપ્રિમ કોર્ટના નિર્દેશોના વિરૂધ્ધ છે (૨) ઈડબલ્યુએસ કેટેગરીને પણ સમાન લાભ આપવામાં આવે તેવી માંગ કરી હતી આ અરજી રાજયમાં રાજકીય ચર્ચાનો વિષય બની હતી અને ખાસ કરીને અનામતની નીતી પર પાયાની ચર્ચાઓ શરૂ કરી હતી.હાઈકોર્ટે તટસ્થ રીતે મામલાની વિગતવાર વિચારણા કર્યા બાદ અરજીનો નિકાલ કર્યો હતો અને રાજય સરકારના અનામત અંગેના નિર્ણયને યથાવત રાખ્યો છે. આ નિર્ણયથી સરકારને ન્યાયીક સપોર્ટ મળ્યો છે અને ઓબીસી અનામત મુદ્દે લેવાયેલા પગલાને વધુ મજબુતી મળી છે.

હાઈકોર્ટના નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે રાજય સરકારે ઓબીસી અનામત માટે જરૂરી પ્રક્રિયાઓ અનુસરેલી હતી અને તેમાં કોઈપણ પ્રકારના નિયામક નિયમોનુ ઉલ્લંઘન થયુ ન હતું. અરજીમાં ઓબીસી પંચની રચના અને તેની કાર્યપધ્ધતિ સામે પણ પ્રશ્નો ઉઠાવાયા હતા. પરંતુ હવે હાઈકોર્ટના ચુકાદા બાદ આ મુદ્દાઓ પર કોઈપણ કાનુની અવરોધ રહ્યો નથી. આ નિર્ણયથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અન્યાયના અનુભવતા વર્ગોને અધિકારીઓ અને રાજકીય પ્રતિનિધિત્વની તક વધુ સુગમ બનશે.

## પંચાયત મંત્રી બચુ ખાબડની ગેર હાજરીમાં યોજાશે સરપંચ સંમેલન: મંત્રી બચુ ખાબડ પુત્રોની ખરડાયેલી છબીને કારણે થયા બદનામ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં તાજેતરમાં જ ગ્રામ પંચાયતોની ચુંટણીનુ પરીણામ જાહેર થયુ હતું. આ પરીણામ બાદ હવે નવા ચુંટાયેલા સરપંચોનુ સંમેલન યોજાશે. રાજયના પંચાયત મંત્રી બચુ ખાબડની ગેર હાજરીમાં સરપંચ સંમેલનનુ આયોજન કરવામાં આવશે.

આ સંમેલન મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાશે. અડાલજ પાસેના ત્રિમંદિર ખાતે રાજયભરના ૪ હજાર સરપંચો સંમેલનમાં એકઠા થશે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં આ સરપંચ સંમેલન યોજાવવાનુ છે જેની તૈયારીઓ ચાલી રહી છે. આગામી સમયમાં તેની તારીખ પણ નકકી કરી દેવામાં આવશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચુંટણીઓ બાદ નવા ચુંટાયેલા સરપંચોનુ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સંમેલન યોજવામાં આવશે. અડાલજ પાસેના ત્રિમંદિર નજીક ૪ હજાર થી વધુ સરપંચો એકઠા થશે. આગામી ગુરૂવારના રોજ સંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ સંમેલનમાં કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ હાજર રહે તેવી સંભાવનાઓ છે. રાજયમાં ગુરૂવારે યોજાનારા સરપંચ સંમેલનમાં રાજયના પંચાયત મંત્રી બચુ ખાબડ હાજર નહી રહે તેવી શકયતાઓ છે. દાહોદ ખાતેના મનરેગા કૌભાંડ બાદ બચુ ખાબડ સચિવાલય અને કેબિનેટની બેઠકમાં સતત ગેરહાજર જોવા મળ્યા છે. આ કૌભાંડમાં તેમના બંને પુત્રો જેલ હવાલે હોવાથી મંત્રી બચુ ખાબડની વડાપ્રધાનના દાહોદ ખાતેના કાર્યક્રમમાં પણ બાદબાકી કરવામાં આવી હતી.



### વિવિધ માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ઠપ થયો

## કડીમાં ચાર કલાકમાં ધોધમાર સાડા ત્રણ ઈંચ વરસાદથી જળબંબાકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતમાં અપાયેલા ઓરેન્જ એલર્ટ વચ્ચે રવિવારે મહેસાણાના કડીમાં બપોરે ૧૨થી ૪ વાગ્યા દરમિયાન સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેને પગલે ઠેર-ઠેર પાણી ભરાઈ ગયાં હતા.

ઉત્તર ગુજરાતમાં જૂન મહિનામાં છેલ્લા કેટલાક વર્ષો કરતાં સૌથી વધુ વરસાદ વરસી રહ્યો છે ત્યારે હજુ વધુ વરસાદની આગાહી વચ્ચે રવિવારે બપોરે કડી શહેરમાં બે કલાકમાં જ અઢી ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેના કારણે વિવિધ માર્ગો પરના અન્ડરપાસ તેમજ નીચાણવાળા વિસ્તારોમાં રસ્તા તેમજ સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયાં હતાં. બપોરે ૧૨થી ૨ વાગ્યા સુધી અઢી ઈંચ વરસાદ બાદ ૨થી ૪ વાગ્યા દરમિયાન વધુ એક ઈંચ વરસાદ ખાબકયો હોઈ સમગ્ર પંથકમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. અન્ડરપાસ તેમજ વિવિધ માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ઠપ થઈ જવા ઉપરાંત લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જિલ્લામાં કડી પંથકમાં ૯૧ મીમી ઉપરાંત જોટાણા પંથકમાં ૧૪ મીમી, વિજાપુરમાં ૧૩ મીમી, વિસનગર અને બેચરાજીમાં ૬ મીમી તેમજ સતલાસણામાં ૩ મીમી વરસાદ નોંધાયો હતો. અન્ય વિસ્તારોમાં પણ ઝરમર વરસાદ વરસ્યો હતો.જ્યારે ઉપરવાસમાં ભારે વરસાદને કારણે સાબરકાંઠાના ખેડબ્રહ્મામાંથી પસાર થતી હરણાવ નદી બે કાંઠે વહી હતી. ખેડબ્રહ્મા પંથકમાં વરસાદને કારણે કેટલાક ગામડાઓમાં મગફળીને નુકસાન થયું હતું. ઉત્તર ગુજરાતના અન્ય તાલુકાઓ ભિલોડા અને ધાનેરામાં ૧૯ મીમી વરસાદ વરસ્યો હતો જ્યારે દાંતામાં ૧૬, તલોદમાં ૧૫, મહેસાણામાં ૧૪, વિજાપુર-હિંમતનગરમાં ૧૩, અમીરગઢમાં ૧૨, ઈડરમાં ૧૧, પ્રાંતિજમાં ૧૦, મોડાસામાં ૮, વિજયનગર, સિદ્ધપુર, વિસનગર, બેચરાજી અને ધનસુરામાં ૬ મીમી, ખેડબ્રહ્મા-બાયડમાં ૫ મીમી, લાખણી-શંખેશ્વરમાં ૪, સતલાસણા, દાંતીવાડા, વડગામ, ભાભર અને સમીમાં ૩ મીમી, હારિજ, ડીસા, થરાદ, પાલનપુર અને માલપુરમાં ૨ મીમી જ્યારે દિયોદર, કાંકરેજ અને ચાણસ્મામાં ૧ મીમી વરસાદ વરસ્યો હતો. આણંદ જિલ્લા ડિઝાસ્ટર કચેરી પાસેથી મળેલી વિગત મુજબ છેલ્લા ૨૪ કલાક દરમિયાન તારાપુર તાલુકામાં ૨૯ મીમી, સોજિત્રામાં ૮ મીમી, ઉમરેઠમાં ૩ મીમી , આણંદમાં ૩૪ મીમી, પેટલાદમાં ૪૯ મીમી અને ખંભાતમાં ૫ મીમી જ્યારે બોરસદમાં ૨૧ અને આંકલાવમાં ૧૯ મીમી વરસાદ નોંધાયો છે.

### સામાન્ય બાબતે થયેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ

## નિકોલમાં પાણી ઢોળવા બાબતે પાડોશી મહિલાને બચકા ભરી પરિવાર પર હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના નિકોલ વિસ્તારમાં રહેતા પાડોશીઓ વચ્ચે પાણી ઢોળવા જેવી સામાન્ય માથાકૂટ એટલી ઉગ્ર બની ગઈ કે પડોશમાં રહેતી મહિલા અને તેના પરિવારના આઠ સભ્યો ભેગા થઈને પાડોશી અને તેના પરિવારના સભ્યો પર લોખંડની પાઈપ વડે હુમલો કર્યો હતો.

તદુપરાંત મહિલાને બચકા ભરી લીધા હતા. આ મામલે આઠ લોકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.નિકોલની ગોવિંદભાઈ ચાલીમાં રહેતા ગોરખ પ્રસાદ(૪૫) ફેબ્રિકેશનનો વ્યવસાય કરે છે. ગત શુક્રવારના રાતના સમયે જમી પરવારીને પરિવારના સભ્યો ઘરમાં બેઠા હતા.

આ સમયે પાડોશમાં રહેતી મિન્ટુ ગુપ્તાએ ગોરખ પ્રસાદના ઘર પાસે પાણીનો ડોલ ભરીને રેડી હતી. આ જોતા તેમણે વિરોધ ઉઠાવ્યો અને પાણી અહીંયા કેમ નાખો છો કહીને મહિલાને ઠપકો આપ્યો હતો. બસ આટલી સામાન્ય બાબતમાં મિન્ટુબહેન ગુસ્સે ભરાયા અને ગાળો બોલવા લાગ્યા હતા. માથાકૂટ થતા ગોરખ પ્રસાદની પત્ની બહાર આવીને પાડોશી મહિલાને સમજાવતા મામલો વધુ ગરમાયો અને બાદમાં પાડોશી મહિલાના પતિ સહિત આઠ લોકો ભેગા થઇ ગયા અને ગોરખ પ્રસાદના પરિવાર સાથે ઝઘડો કરવા લાગ્યા હતા.

જોતજોતામાં મહિલા આરોપી મિન્ટુ ગુપ્તાએ ગોરખ પ્રાસાદની પત્નીને જાંઘ પર બચકા ભરી લીધા હતા. આરોપી મહિલાના પરિવારના અન્ય સભ્યોએ ગોરખ પ્રસાદ અને તેની દીકરીને લોખંડની પાઈપના ફટકા મારીને હિચકારો હુમલો કરી દીધો હતો. બૂમાબૂમ થતા આસપાસના પાડોશીઓ ભેગા થઇ ગયા અને મામલો થાળે પડાવ્યો હતો. ત્યારબાદ ગોરખ પ્રસાદ અને તેના પરિવારના સભ્યો ૧૦૮ની મદદથી હોસ્પિટલ પહોંચ્યા અને સારવાર લીધા બાદ આ મામલે નિકોલ પોલીસ સ્ટેશનમાં રાજકુમાર ગુપ્તા, મિન્ટુ ગુપ્તા, ગોપાલ ગુપ્તા, અમિત ગુપ્તા, આકાશ, અવિનાશ, શિવમ, સંજન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## કારની પાછળની સીટમાંથી પ્રેમી પંખીડાના મૃતદેહ મળ્યા: એન્જીન અને એસી ચાલુ હતુ: હિંમતનગર તાલુકાના આકોદરા ગામના અપરણિતે નાસ્તામાં ઝેર ઘોળી આપઘાત કર્યાની આશંકા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પંચમહાલ જિલ્લાના પાવાગઢમાં એસટી બસસ્ટેન્ડ નજીક પાર્ક કરેલી કારની પાછળની સીટમાંથી હિંમતનગર તાલુકાના યુવક યુવતિના મૃતદેહ મળી આવ્યા હતા. મહત્વની વાત એ છે કે કારનુ એન્જીન અને એસી આ બંને પ્રેમી પંખીડાએ ચાલુ રાખ્યા હતા. જેથી બંનેએ નાસ્તા સાથે ઝેરી પદાર્થ ઘોળી આપઘાત કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. જો કે પ્રાથમિક પોસ્ટ મોર્ટમ રીપોર્ટમાં કોઈ ખુલાસો ન થતા હાલ એફએસએલ સેમ્પલ સુરત મોકલવામાં આવ્યા છે. આ રીપોર્ટ આવ્યા બાદ મોતનુ સાચુ કારણ જાણી શકાશે.

પાવાગઢ તળેટીમાં આવેલા એસટી બસસ્ટેન્ડ સામે રોડ સાઈડમાં પાર્ક કરવામાં આવેલી ઈનોવા કારમાંથી ૨૮ જુને રહસ્યમય સંજોગોમાં યુવક યુવતિની લાશ મળી આવી હતી. બનાવને લઈ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા અને સ્થાનિકો દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા જ પાવાગઢ પોલીસ તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવી હતી અને તપાસ કરતા કારનુ એન્જીન અને એસી પણ ચાલુ હાલતમાં જોવા મળ્યા હતા. પોલીસે એકસપર્ટની મદદથી કારનુ લોક ખોલતા પાછળની સીટ પરથી યુવક યુવતિના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસે બંનેના મૃતદેહને કારમાંથી બહાર કાઢી હાલોલ સરકારી હોસ્પીટલમાં પીએમ રૂમ ખાતે મોકલાવી દીધા હતા. બનાવની જાણ થતા યુવક અને યુવતિના પરીવારજનો પણ હાલોલ ખાતે દોડી આવ્યા હતા. પરીવારજનોના કહેવા પ્રમાણે હિંમતનગર તાલુકાના આકોદરા ગામના અપરણિત શ્રેયા કમલેશકુમાર પ્રજાપતિ અને આઝાદ મહેન્દ્રસિંહ રહેવર બંને ૨૬ જુનના રોજ સાંજે ઘરેથી નિકળી ગયા હતા જે અંગે યુવતિના પિતાએ શ્રેયા ગુમ થયા અંગેની હિંમતનગર એ ડીવીજન પોલીસ સ્ટેશને જાણવાજોગ ફરીયાદ નોંધાવી હતી.

બીજા દિવસે રવિવારે (૨૯ જુન) બંનેના મૃતદેહનુ પીએમ કર્યા બાદ મૃતદેહોને પરીવારજનોને સોંપવામાં આવ્યા હતા. મૃતક આઝાદ પરીવારમાં ૩ બહેનોનો એકનો એક ભાઈ હતો, જયારે શ્રૈયા એ ધો.૧૨ નો અભ્યાસ પુર્ણ થયો હોય હવે કોલેજનો અભ્યાસ શરૂ કરવાની હતી, આ બંને પાવાગઢ ખાતે કયારે આવ્યા અને આ પગલુ કયા કારણોસર ભર્યુ



તેમજ આ બંનેએ આત્મહત્યા કરી છે કે પછી મોતનુ અન્ય કોઈ કારણ છે એ રીપોર્ટ બાદ જ ખ્યાલ આવશે. જો કે પ્રાથમિક પોસ્ટમોર્ટમ રીપોર્ટ માં કોઈ ખુલાસો ન થતા પોલીસે એફએસએલની મદદથી તપાસ શરૂ કરી છે અને સેમ્પલ સુરત મોકલ્યા છે. પોલીસ બંનેના પાવાગઢ આવવાનુ કારણ અને મૃત્યુ પાછળના કારણોની તપાસ કરી રહી છે.


**પશ્ચિમ રેલ્વે**
**અમદાવાદ વિભાગ**

ઇ-ટેન્ડર નોટિસ નંબર DRM(M)ADI/09/2025-26 તારીખ 26-06-2025 રદ કરી

આથી જણાવવામાં આવે છે કે અગાઉ તા. 26.06.2025 ના રોજ પ્રકાશિત થયેલ ટેન્ડર ખર્ચના વર્ગીકરણમાં ના કારણે રદ કરવામાં આવ્યું છે. તે મુજબ, ટેન્ડર હવે તા. 27.06.2025 ના રોજ IREPS પોર્ટલ દ્વારા ફરીથી પ્રકાશિત કરવામાં આવ્યું છે.

ADI-092

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**
**અમદાવાદ વિભાગ**

સ્ટીલ ગર્ડરને RCC-PSC U TYPE સ્લેબ દ્વારા બદલવાનું

ઇ-ટેન્ડર સૂચના ક્રમાંક. Sr. DEE/TR/ADI/13 (2025-26). તારીખ 27-06-2025 Sr. No. 1: ટેન્ડર નં. TRD-ADI-T-02R2 -2025-26 કામનું નામ: અમદાવાદ વિભાગમાં હાલના સ્ટીલ ગર્ડરને આરસીસી પીએસસી યુ CP સ્લેબ અને નવા સ્ટીલ ગર્ડરથી બદલવા. અંદાજિત કિંમત: રુ. 1,32,15,090.50/- EMD : રુ. 2,16,100/- સબમિશન માટે ખોલવાની તારીખ અને સમય: તા. 28-07-2025 ના 15:00 કલાકે અને તા. 28-07-2025 ના 15:30 કલાક પછી નહીં. ઓફિસનું સરનામું અને વેબસાઇટ વિગતો: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, D.R.M. ઓફિસ (W.R.), ચામુંડા પુલ પાસે, G.C.S. હોસ્પિટલ સામે., નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. વેબસાઇટની વિગતો: www.ireps.gov.in

ADI-091

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**
**વિવિધ કાર્યો**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (દક્ષિણ), બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400008. ટેન્ડર સૂચના નં.: SG_217_2_309_2_WA_R તારીખ: તા. 26.06.2025 કામ અને સ્થાન: વિશ્વસનીયતા સુધારણા માટે વિવિધ સ્થળોએ સિગ્નલિંગ ગિયર્સનું સપ્લાય, ઇન્સ્ટોલેશન, પુનર્વસન, પરીક્ષણ અને કમીશન ચર્ચગેટ - વિરાર સેક્શન, મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલ્વેમાં MSDAC રિપ્લેસમેન્ટ અને પોઇન્ટ મશીન વર્ક માટે રિલે વાયરિંગ અને વિવિધ આઉટડોર વર્ક સહિત. અંદાજે કામની કિંમત: રુ. 3.97,34,158.25/- અર્નેસ્ટ મની ડિપોઝિટ: રુ. 3,48,700/- સબમિશનની તારીખ અને સમય: તા. 18.07.2025 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 18.07.2025 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in

0339

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન ખાતે "A1, B & D" કેટેગરી સ્ટેશન પર ટી સ્ટોલની જોગવાઈ માટે ઈ-હરાજી

જુલાઈ 2025 મહિના માટે A1, B અને D કેટેગરી સ્ટેશન પર ચાના સ્ટોલ માટે ઇ-હરાજી કરવામાં આવશે.

| હરાજી કેટલોગ નંબર: BCT-CTG-25-34 | | ઈ-હરાજીની તારીખ: 07.07.2025 | | |
|---|---|---|---|---|
| ક્રમ નં. | લોટ નં. | સ્ટેશન | સ્ટેશનની શ્રેણી | સ્થાન |
| AA/1 | Catg-BCT-NDN-GMU-167-25-1 | નારદાણા | D | પીએફ નં.2 |
| AA/2 | Catg-BCT-NDB-SMU-166-25-1 | નંદુરબાર | B | પીએફ નં.1 |

| હરાજી કેટલોગ નંબર: BCT-CTG-25-35 | | ઈ-હરાજીની તારીખ: 10.07.2025 | | |
|---|---|---|---|---|
| ક્રમ નં. | લોટ નં. | સ્ટેશન | સ્ટેશનની શ્રેણી | સ્થાન |
| AA/1 | Catg-BCT-MMCT-SMU-4-22-1 | મુંબઇ સેન્ટ્રલ | A1 | પીએફ નં.1/2 |

| હરાજી કેટલોગ નંબર: BCT-CTG-25-37 | | ઈ-હરાજીની તારીખ: 17.07.2025 | | |
|---|---|---|---|---|
| ક્રમ નં. | લોટ નં. | સ્ટેશન | સ્ટેશનની શ્રેણી | સ્થાન |
| AA/1 | Catg-BCT-CHM-GMU-147-24-1 | ચલથાણ | D | પીએફ નં.1 |
| AA/2 | Catg-BCT-VYA-GMU-122-24-1 | વ્યારા | E | પરિભ્રમણ ક્ષેત્ર |

યુનિટનો પ્રકાર: ટી સ્ટોલ એરિયલ (ચો. ફૂટ): 60 ચો. ફૂટ ઇ-હરાજીનો સમય: 12:00

નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. (ફાળવણી નંબર. 0929521)

0335

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly

# સાબરકાંઠા જિલ્લાની અનુસુચિત જાતિ કલ્યાણ કચેરીના ઓ.એસ. નિકુલ વિરૂધ્ધ આશ્રમ શાળા સંચાલકોની ફરીયાદો

**ઓ.એસ. નિકુલ દ્વારા આશ્રમ શાળાઓમાં હપ્તાઓ ઉઘરાવવામાં આવતી હોવાની રાવ : છેલ્લા કેટલાય વરસોથી કચેરીમાં ફરજ બજાવતો હોવા છતાં બદલી કેમ થતી નથી ?**

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના તાંબા હેઠળની વિકસતિ જાતિ કલ્યાણ કચેરી બાદ હવે અનુસુચિત જાતિ કલ્યાણ કચેરીના ઓ.એસ. નિકુલ દ્વારા અનુસુચિત જાતિ વિભાગની આશ્રમ શાળાઓમાં હેરાનગતિ કરવામાં આવતી હોવાની જિલ્લામાં બુમરોળ ઉઠવા પામી છે. જિલ્લાની એક આશ્રમ શાળાના સંચાલકે પોતાનુ નામ ન આપવાની શરતે જણાવ્યુ હતુ કે હિંમતનગર ખાતેની અનુસુચિત જાતિ કલ્યાણ કચેરીમાં ફરજ બજાવતાં

સત્યમેવ જયતે
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત રાજ્ય

ઓ.એસ. નિકુલ પટેલ છેલ્લા કેટલાય વરસોથી કચેરીમાં ફરજ બજાવી રહ્યા છે. સરકારના નિયમો મુજબ અધિકારીઓ અને કર્મચારીઓની બદલીઓ થતી હોય છે પરંતુ આ ઓ.એસ. નિકુલ છેલ્લા કેટલાય વરસોથી કચેરીમાં ઓ.એસ. તરીકેની ફરજ બજાવે છે. સરકારના નિયમ પ્રમાણે પણ બદલી થવી જોઈએ તેમ છતાં બદલી થતી કેમ નથી ? ઓ.એસ. નિકુલ સાથે સાથે જિલ્લાની કેટલીક આશ્રમ શાળાઓમાં સાહેબનો વહિવટદાર બની હપ્તા ઉઘરાવતો હોવાની ફરીયાદો ઉઠી રહી છે જો હપ્તા ન આપવામાં આવે તો સાહેબ પાસે દબાણ કરાવી કોઈપણ ભોગે હેરાન પરેશાન કરાવવામાં આવતુ હોવાની પણ ફરીયાદો ઉઠી રહી છે ત્યારે સરકાર દ્વારા ઓ.એસ. ની વહેલી તકે બદલી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. સામાજિક ન્યાય અધિકારીતા વિભાગની આશ્રમ શાળાના સંચાલકોને સરકારી બાબુઓ દ્વારા હેરાન પરેશાન કર્યા બાદ ગ્રાન્ટ હોય કે આશ્રમ શાળાની મુલાકાત મામલે હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા આશ્રમ શાળા સંચાલકોએ નામ ન આપવાની શરતે જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા અમારી ફરીયાદો સાંભળી વહેલી તકે આવા ભ્રષ્ટાચારીઓને જિલ્લામાંથી બદલી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે ત્યારે રાજયના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા હિંમતનગર ખાતેની કચેરીના ઓ.એસ. ની બદલી કરવામાં આવશે કે નહી તે હવે જોવુ રહ્યું.

# સૌરાષ્ટ્ર માં પીજીવીસીએલ દ્વારા ૬ જિલ્લામાં ૯ નવા સબ ડીવીજન શરૂ કરવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ (પીજીવીસીએલ) દ્વારા સૌરાષ્ટ્રના ૬ જિલ્લાઓમાં ૯ નવા સબ ડીવીજન શરૂ કરવાની મંજુરી આપવામાં આવી છે. આગામી ૬ મહિનામાં આ નવા ૯ સબ ડીવીજનનુ નિર્માણ કરવામાં આવનાર છે. આ નિર્ણય થી અંદાજે અઢી લાખ જેટલા વીજ ગ્રાહકોને ફાયદો થશે કારણ કે હવે વીજ પુરવઠામાં ખલેલ પહોચતા ફોલ્ટ શોધવામાં અને રીપેર કરવામાં ૨૦ ટકા જેટલી ઝડપ આવશે.




જે સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ જિલ્લાઓમાં આશરે ૬૧ લાખ ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડે છે. તેની કચેરી હેઠળ હાલ ૪૬ ડીવીજનમાં ૨૮૧ સબ ડીવીજન કાર્યરત છે. આગામી ૫ થી ૬ મહિનામાં આ નવા ૯ સબ ડીવીજનનુ નિર્માણ થશે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ ના મેનેજીંગ ડીરેકટર કેતન જોશીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ નવી સબ ડીવીજન કચેરીઓ કાર્યરત થતા દરેક કચેરીમાં અધિકારીઓ સહિત ૪૦ વ્યકિતઓના નવા સ્ટાફની ફાળવણી કરવામાં આવશે. આ સ્ટાફમાં ૧ ડેપ્યુટી એન્જીનીયર, ૨ જુનીયર એન્જીનીયર, એકાઉન્ટ સાઈડમાં ૧ ડેપ્યુટી સીનીયર આસીસ્ટન્ટ, ૬ જુનિયર આસીસ્ટન્ટ, લાઈટ ઈન્સ્પેકટર, લાઈન મેન, આસીસ્ટન્ટ લાઈન મેન, અને હેલ્પરનો સમાવેશ થાય છે. આ નવા સબ ડીવીજનોના નિર્માણ થી વીજ ગ્રાહકોને વીજ પુરવઠા સંબંધીત ફરીયાદોના નિવારણમાં વધુ કાર્ય ક્ષમતા અને ઝડપનો અનુભવ થશે. જેનાથી વીજ સેવામાં નોધપાત્ર સુધારો જોવા મળશે.

આ નવા ૯ સબ ડીવીજનોમાં (૧) રાજકોટ રૂરલ સર્કલ પડધરી-૨ (૨) રાજકોટ રૂરલ સર્કલ પાટણ વાવ (૩) સુરેન્દ્રનગર-વણોદ (૪) સુરેન્દ્રનગર-થાન રૂરલ (૫) પોરબંદર-માળજાવાના (૬) જામનગર-વિરપુર (૭) જામનગર-ફલ્લા (૮) જુનાગઢ-મોટા કોટડા (૯) ભાવનગર-પીંઢળપુર

# ભાજપના વધુ એક ધારાસભ્ય પુત્રને લઈને આવ્યા વિવાદમાં : જામનગરના ધારાસભ્યના પુત્રએ આવાસ યોજનામાં મકાન મેળવતા વિવાદ

**કાલાવડના ધારાસભ્ય મેઘજી ચાવડાના પુત્રએ લીધુ આવાસ યોજનામાં મકાન : મોહીત ચાવડાએ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન મેળવતા ચર્ચાનો દોર શરૂ**

પ્રતિનિધિ,ગાંધીનગર

ભુપેન્દ્ર પટેલની સરકારના પંચાયત મંત્રી બચુ ખાબડ બાદ ભાજપના વધુ એક ધારાસભ્ય પુત્રાનો લઈનો વિવાદમાં આવ્યા છે. જેમાં જામનગરમાં ધારાસભ્યના પુત્રએ આવાસ યોજનામાં મકાન મેળવતા વિવાદ શરૂ થયો છે.

કાલાવડના ધારાસભ્ય મેઘજી ચાવડાના પુત્રએ આવાસ યોજનામાં મકાન લીધુ છે. મોહિત ચાવડાએ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન મેળવતા રાજકારણ ગરમાયુ છે. લકઝુરીયર્સ જીવન જીવતા ધારાસભ્યના પુત્રએ આવાસ યોજનાનો લાભ લેતા વિવાદ સર્જાયો છે.




# ગોપાલ ઈટાલીયા તુટશે નહી પરંતુ ઈટાલીયા આખા ભાજપનો તોડશે ઘમંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વિસાવદરમાં પ્રચંડ જીત મેળવ્યા બાદ આજે સોમવારે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા સુરત પહોચ્યા હતા ત્યાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાને આવકારવા માટે ખુબ જ મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટરો, પ્રદેશના હોદ્દેદારો, સ્થાનિક પદાધિકારીઓ, સહિત કાર્યકર્તાઓ તથા સ્થાનિક લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. આ તમામ લોકોએ ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાને ખુબ જ ઉત્સાહભેર સ્વાગત કર્યુ હતુ અને એક વિજય રેલીનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતું.




ત્યારબાદ ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાના સન્માનમાં અને વિસાવદરના લોકોનો આભારવ્યકત કરવા માટે એક કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની સાથે સાથે પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પ્રદેશ મહામંત્રી રાકેશ હીરપરા, શહેર પ્રમુખ મહેન્દ્ર નાવડીયા, જુનાગઢ જિલ્લા પ્રમુખ હરેશ સાવલીયા, પ્રદેશ સંગઠન મંત્રી રામ ધડુક, પૂર્વ વિપક્ષ નેતા ધર્મેશ ભંડેરી, સુરત લોકસભા ઈન્ચાર્જ રજનીકાંત વાઘાણી, કામરેજ તાલુકા પંચાયત વિપક્ષ નેતા જે ડી કથીરીયા, સુરત મનપાના કોર્પોરેટરોમાં વિપક્ષ નેતા પાયલ સાકરીયા, મહેશ અણધણ, રચનાબેન હીરપરા, વિપુલ સુહાગીયા, મનિષાબેન કુકડીયા, કુંદનબેન કોઠીયા, સેજલબેન માલવીયા, જીતુ કાછડીયા, ડો. કિશોર રૂપારેલીયા, શોભનાબેન કેવડીયા, દિપ્તીબેન સાકરીયા, સોનલબેન સુહાગીયા, પ્રદેશ મંત્રી સુરેશ માલવીયા, સુરત શહેર મહામંત્રી તુલસી લાલૈયા, ઘનશ્યામ વાઘાણી, યુવા મોરચા પ્રમુખ પંકજ ધામેલીયા, મહિલા મોરચા પ્રમુખ નિતાબેન પટેલ, જયસુખભાઈ પાઘડોળ, સહિત સોશીયલ મીડીયા ટીમ અને પ્રદેશ પ્રવકતા ચિત્રેશ અનાજવાલા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પોતાની વાત રજુ કરતા જણાવ્યુ હતુ કે વિસાવદર, ભેંસાણ, જુનાગઢ ગ્રામ્ય મત વિસ્તારના લોકોએ મારા જેવા સામાન્ય ઘરના વ્યકિતનુ માન વધારવાનુ કામ કર્યુ છે. મારા જેવા નાના વ્યકિત અને એક નાની પાર્ટીને વિસાવદરના મતદાતાઓએ આશીર્વાદ આપીને ફકત ગુજરાતમાં નહી પરંતુ આખા દેશમાં ચમકવાનો એક મોકો આપ્યો છે. માટે હું વિસાવદરના તમામ મતદાતાઓનો આભાર વ્યકત કરૂ છું. ૨૦૨૨ ની ચુંટણીમાં આપણે તમામ લોકોને એવુ લાગતુ હતુ કે કંઈ ચોકાવનારા પરીણામો આવશે અને ગુજરાતમાં બદલાવ આવશે. પરંતુ ધાર્યા પરીણામ આવ્યા નહી, જેના કારણે થોડી નિરાશા છવાઈ ગઈ, તેમ છતાં પણ જે લોકોએ આપણો સાથ ન છોડયો અને હંમેશા આમ આદમી પાર્ટીને આગળ વધારવાનુ કામ કર્યુ તે તમામ લોકોને યાદ રાખીને આજે આપણે વિસાવદરની જીતની ઉજવણી શરૂ કરીશું. કારણ કે એ સમયે જો આપણે હાર ન પચાવી શકયા હોત તો આપણે હાલ આ ઉજવણી પણ ન કરી શકતા હોત, એ સમયે પાર્ટીમાં ઘણી નિરાશા હતી પરંતુ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા એ પાર્ટીને સંભાળવાનુ કામ કર્યુ.

વિસાવદરમાં મળેલી જીત ફકત મારા એકલાની જીત નથી પરંતુ આખા ગુજરાતની જીત છે એટલા માટે ફકત હું અને મારા સમર્થકો નહી પરંતુ આખુ ગુજરાત વિસાવદરની જીતને ઉજવી રહ્યુ છે. સામાન્ય રીતે ચુંટણીના પરીણામો આવ્યા બાદ સાંજના ૭ વાગ્યા સુધીમાં અથવા રાત સુધીમાં બધી ઉજવણી પતી જતી હોય છે અને બીજા દિવસથી રાબેતા મુજબ કામ શરૂ થઈ જતા હોય છે. પરંતુ વિસાવદરની ચુંટણીમાં જીત મેળવ્યા બાદ ગુજરાતની જનતાનો હરખ સમાતો નથી. માટે હજુ એક અઠવાડીયા બાદ પણ ચારેય બાજુ ઉજવણીઓ ચાલી રહી છે. વિસાવદરના લોકોએ જે દીવો પ્રગટાવ્યો છે તેનો પ્રકાશ ગુજરાતના ખુણે ખુણે પહોચી રહ્યો છે. કેટલાય લોકો નિરાશ થઈ ગયા હતા અને તેમના સપનાઓ તુટી ગયા હોય તેવુ તેમને લાગતુ હતું. એ સમય માં વિસાવદરે ચમત્કાર કરી બતાવ્યો, ગોપાલ ઈટાલીયા તુટશે નહી પરંતુ ગોપાલ ઈટાલીયા આખા ભાજપનો ઘમંડ તોડશે તે વાતની ખુશી ગુજરાતના તમામ લોકોને છે.

સીઆર પાટીલ હંમેશા ઉપાડો લઈને નિકળ્યા હોય છે કે કયા ધારાસભ્યને તોડુ, પરંતુ હવે મારી સીઆર પાટીલને ખુલ્લી ચેલેન્જ છે કે હવે ગુજરાતમાં એક પણ ધારાસભ્ય તોડીને બતાવો અને પછી ત્યાં ચુંટણી કરાવો પછી જુઓ શું પરીણામ આવે છે, આ લોકોએ ગુંડાગીર્દીની તમામ હદો વટાવી દીધી હતી અને રાજનીતીને તળીયે બેસાડી દીધી, ગાંધી અને સરદારે ગુજરાતનુ નામ આખા દુનિયામાં રોશન કર્યુ અને એ જ ગાંધી અને સરદારના ગુજરાતમાં આજે બુટલેગરોના હાથમાં સત્તા આવી ગઈ છે. એ વાતનુ મને ખુબ જ દુઃખ છે. ગાંધીનુ ગુજરાત બુટલેગરોના હાથમાં ન હોવુ જોઈએ, પરંતુ કોઈ લડે કે ના લડે અને કોઈ બોલે કે ના બોલે પરંતુ ગોપાલ ઈટાલીયા અને આદમી પાર્ટી લડશે અને બોલશે અને બુટલેગરોને હટાવીને જનતાનુ શાસન ગુજરાતમાં સ્થાપિત કરશે. હું પુરા આત્મ વિશ્વાસ સાથે આ વાત કરી રહ્યો છુ કારણ કે વિસાવદરની ચુંટણીમાં એકબાજુ સત્તા નુ બળ , ભાજપની આખી સરકાર, ભાજપના મંત્રીઓ, ભાજપના ધારાસભ્યો, ભાજપના ચેરમેનો, ભાજપના બુટલેગરો, ભાજપના જમીન માફીયાઓ, ભાજપના ગુંડાઓ, ભાજપના બળાત્કારીઓ બધા ભેગા થઈને એક તરફ હતા, અને બીજી બાજુ આમ જનતાનુ મનોબળ હતું અને આ બંનેમાં ભીષણ યુદ્ધ થયુ અને જનતાના મનોબળની જીત થઈ એ વાતની ખુશી, આજે આખા ગુજરાતમાં છે.

# ગુજરાતનુ સૌથી મોટુ પાસપોર્ટ કેન્દ્ર અમદાવાદના બાપુનગરમાં આગામી અઠવાડીયાથી શરૂ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાંથી દર વરસે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, બિઝનેશમેન તથા લોકો ફરવા માટે વિદેશ જતા હોય છે. વિદેશ જવા માટે પાસપોર્ટ ની જરૂર પડે છે. પરંતુ થાય એવુ છે કે જયારે પાસપોર્ટ માટે અરજી કરો એ પછી જયારે પાસપોર્ટ સેન્ટરમાં જવાનુ હોય ત્યારે ઘણી સમસ્યાઓ આવતી હોય છે.




ત્યારે હવે અમદાવાદમાં બાપુનગર ખાતે નવુ પાસપોર્ટ સેવા કેન્દ્ર ખુલી રહ્યુ છે જયાં આવી સમસ્યાઓ ઘટી જશે. અમદાવાદના બાપુનગરમાં ગુજરાતનુ સૌથી મોટુ પાસપોર્ટ સેવા કેન્દ્ર આગામી અઠવાડીયાથી શરૂ થશે. ૭ જુલાઈથી શરૂ થતા આ કેન્દ્રની ક્ષમતા ૨ હજાર અરજદારની છે. આ કેન્દ્ર શરૂ થઈ ગયા પછી મીઠાખળી પાસપોર્ટ સેવા કેન્દ્ર બંધ કરી દેવામાં આવશે. નવા પાસપોર્ટ સેન્ટરમાં ૩ વીંગ હશે, જેમાં કુલ મળીને ૩૬ કાઉન્ટર હશે, ૭ જુલાઈ ૨૦ અરજદારોને બોલાવીને ટ્રાયલ કરવામાં આવશે જેથી જો કોઈ સમસ્યા હોય તો તે જાણી શકાય અને તેનુ નિરાકરણ લાવી શકાય, એ પછી બીજા દિવસથી પાસપોર્ટ સેન્ટર કાર્યરત થઈ જશે. જો કે વિજય ચાર રસ્તા પરનુ પાસપોર્ટ સેન્ટર ચાલુ જ રહેશે. બાપુનગરમાં નવુ સેન્ટર શરૂ થતા પૂર્વ માંથી આવતા લોકો અને ખેડા, આણંદ અને નડીયાદના લોકોને સુવિધા રહેશે. મીઠાખળી જુના પાસપોર્ટ સેન્ટરમાં રોજના ૮૦૦ અરજદારના પાસપોર્ટ ડોકયુમેન્ટ સબમીટ થાય છે. પણ અહીં જગ્યા વધારે ન હોવાને કારણે લોકોને બેસવાની જગ્યા મળતી નથી. સાથે જ પાર્કિંગની જગ્યા પણ ન હોવાને કારણે પણ લોકોને સમસ્યા થાય છે. ત્યારે બાપુનગરમાં વ્હાઈટ હાઉસ ખાતે નવા પાસપોર્ટ કેન્દ્રમાં આ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવી છે. નવા પાસપોર્ટ સેન્ટરમાં ૩ વીંગ મળીને કુલ મળીને ૩૬ કાઉન્ટર હશે, જેમાં એ વીંગ માં ૨૦ કાઉન્ટર, જે તમામ શરૂ કરી દેવામાં આવશે. જયાં ટીસીએસનો સ્ટાફ ડોકયુમેન્ટ-ફીંગર પ્રિન્ટ લેશે, જયારે બી વીંગ માં ૧૦ કાઉન્ટરમાંથી ૬ શરૂ કરવામાં આવશે. અહીં પાસપોર્ટનો સ્ટાફ ડોકયુમેન્ટ વેરીફાઈ કરવાનુ કામ કરશે. જયારે સી વીંગ માં ૬ કાઉન્ટરમાંથી ૩ થી ૪ શરૂ કરી દેવામાં આવશે. જયાં કચેરીનો સ્ટાફ અંતિમ ફાઈલ ગ્રાન્ટ કરશે. હાલમાં સ્ટાફની અછતને કારણે બી અને સી વીંગ માં કેટલાક કાઉન્ટર ખાલી રહી શકે છે.

# ધો.૮ના વિદ્યાર્થીઓને દાખલા ન આવડતા કલેકટરે શાળાના શિક્ષકોને ખખડાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તાપી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં નવુ શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ગયુ છે. હાલ સમગ્ર રાજયમાં શાળા પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે જેમાં શાળામાં કાર્યક્રમ કરવામાં આવે છે. આ દરમિયાન શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમજ ગામના અગ્રણીઓ અને અધિકારીઓ હાજરી આપતા હોય છે. દરમિયાન વિદ્યાર્થીઓને જરૂરી સુચનો અને પુસ્તકો આપે છે, શાળાઓ શરૂ થતા ની સાથે જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો હવે નિયમિત રીતે વર્ગમાં આવતા હોય છે. પરંતુ તાપી જિલ્લાના વાલોડ તાલુકાના પેલાડ બુહારી ગામે શિક્ષકોને કલેકટરે ઠપકો આપ્યો હતો. તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં આવેલા ખોબા જેવડા ગામ પેલાડ બુહારી ગામમાં



શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ હતો. આ દરમિયાન તાપી જિલ્લા કલેકટર આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જે દરમિયાન ધો. ૮ ના વિદ્યાર્થીઓને બાદબાકીના દાખલા પુછયા પણ વિદ્યાર્થીઓને ન આવડતા આખરે કલેકટરે શિક્ષકોનો ઉધડો લીધો હતો. જિલ્લા કલેકટર બિપીન ગર્ગે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમમાં હાજરી આપવા પહોચ્યા હતા આ દરમિયાન વિદ્યાર્થીઓને ગણિતના દાખલા ન આવડતા શિક્ષકો પર કલેકટર બગડયા હતા, છેલ્લે કલેકટરે શિક્ષકોને ગણિત અને બીજા વિષયોમાં વિદ્યાર્થીઓને પધ્ધતિસર ભણાવવા અને ધ્યાન આપવા ઠપકો આપ્યો હતો. ઉપરાંત જિલ્લા શિક્ષણ વિભાગ પણ આવી શાળા તરફ ધ્યાન કેન્દ્રીત કરે એ જરૂરી બન્યુ હોવાનુ જણાવ્યુ હતું.

# રાજયમાં મતદાર યાદી સુધારણાની કામગીરી શિક્ષકો ઉપરાંત ૧૨ કેડરના કર્મચારીઓને આપી શકાશે

**૩ વરસથી વધુ સમયથી બીએલઓ ની કામગીરી કરતા કર્મચારીઓને મુકિત આપવાનો આદેશ : બીએલઓની કામગીરી ૧૨ જેટલી કેડરોને આપવાનો ચુંટણીપંચનો નિર્ણય**



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં શિક્ષકોને શિક્ષણ સિવાયની અન્ય કામગીરી સોંપવામાં આવતી હોવાથી છેલ્લા ઘણા સમયથી વિરોધ ઉઠી રહ્યો છે. ખાસ કરીને ચુંટણી, મતગણતરી અને મતદાર યાદી સુધારણા સહિતની કામગીરી શિક્ષકોને આપવામાં આવતી હોય છે. તેના લીધે શિક્ષણ પર અસર પડતી હતી, હાલ મતદાર યાદી સુધારણાની કામગીરી માત્ર ને માત્ર શિક્ષકોની પાસે જ કરાવવામાં આવી રહી છે. ત્યારે રાજય ચુંટણી પંચ ના આદેશ મુજબ હવે બીએલઓ ની કામગીરી શિક્ષકો ઉપરાંત આંગણવાડી કાર્યકરો, તલાટી, પંચાયત સચિવ, ગ્રામ્ય સ્તરના કામદારો, વીજ બીલ રીડર્સ, ટપાલી, આરોગ્ય કાર્યકરો, મધ્યાહન ભોજનના કાર્યકરો, મનપા વિસ્તારના ટેક્ષ કલેકશન કરતા કર્મચારીઓ સહિતની ૧૨ કેડરો પાસે કરાવી શકાશે. ઉપરાંત ૩ વરસથી વધુ સમયથી બીએલઓની કામગીરી કરતા કર્મચારીઓને કામગીરીમાંથી મુકિત આપવાનો આદેશ પણ કરાયો છે. રાજય ચુંટણી પંચ દ્વારા મતદાર યાદીમાં સુધારો કરવાની કામગીરી સમયાંતરે કરાવવામાં આવે છે જો કે મતદાર યાદી સુધારણાની કામગીરી માં નવા ચુંટણી કાર્ડ કઢાવવા, નામ, સરનામુ, અટક, ફોટો બદલાવવો, સહિતની કામગીરીનો સમાવેશ કરાયો છે. બીએલઓ ની કામગીરી શિક્ષકો સિવાય અન્ય ૧૨ જેટલી કેડરોને આપવાનો રાજયના ચુંટણીપંચે આદેશ કર્યો છે. તેમ છતાં તેની અમલવારી નહી કરીને જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા બીએલઓની કામગીરી બાળકોના શિક્ષણના ભોગે શિક્ષકોને જ આપવામાં આવી રહી છે ત્યારે બીએલઓની કામગીરી શિક્ષકો દ્વારા કરવાથી તેની સીધી અસર બાળકોના શિક્ષણ ઉપર પડતી હોય છે ત્યારે વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે શિક્ષકોને બીએલઓની કામગીરી નહી સોંપવા માટે શિક્ષકોએ કરેલી રજુઆતને અંતે રાજય ચુંટણીપંચ દ્વારા બીએલઓની કામગીરી શિક્ષક ઉપરાંત અન્ય ૧૨ કેડરોને સોંપવાનો આદેશ કર્યો છે. રાજય ચુંટણીપંચના સુત્રોના કહેવા પ્રમાણે મતદાર યાદી સુધારણામાં બીએલઓની કામગીરી તલાટી, પંચાયત સચિવ, આંગણવાડી કાર્યકરો, ગ્રામ્યસ્તરના કર્મચારીઓ, વીજ બીલ રીડર્સ કરતા કર્મચારીઓ, પોસ્ટમેન, સહાયક નર્સ અને મીડ વાઈફ, આરોગ્ય કર્મચારીઓ, મધ્યાહન ભોજનના કર્મચારીઓ, કરાર આધારીત શિક્ષકો, કોર્પોરેશન કે નગરપાલિકાનો વેરો વસુલતા કર્મચારીઓ, શહેરી વિસ્તાર સત્તામંડળના કારકુની સ્ટાફ સહિતને કામગીરી સોંપવાનો આદેશ કરવામાં આવ્યો છે. તેમ છતાં જિલ્લા ચુંટણીપંચ દ્વારા તેની અમલવારી કરવામાં આવતી નથી, વધુમાં છેલ્લા ૩ વરસથી બીએલઓની કામગીરી કરતા કર્મચારીઓને બીએલઓની કામગીરીમાંથી મુકિત આપવાનો રાજય ચુંટણીપંચના આદેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# ખેડબ્રહ્મામાં મકાનની દીવાલ ધરાશાયી થતાં ત્રણ બાળકો દટાયા

(સંપૂર્ણ સમાચાર સેવા) સાબરકાંઠા

ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે, ત્યારે કેટલીક જગ્યાએ મકાનની દીવાલ ધરાશાયી થવાની ઘટના સામે આવતી હોય છે. તેવામાં સાબરકાંઠાના ખેડબ્રહ્મા પંથકમાં પણ ઘણા સમયથી ભારે વરસાદ ખાબકી છે, ત્યારે રતનપુર ગામમાં ભારે વરસાદને લીધે એક કાચા મકાનની દીવાલ ધરાશાયી થતાં દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં બે બાળકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે અન્ય એક બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બે બાળકોના મોત થતાં પરિવારમાં શોક છવાયો છે.

મળતી માહિતી અનુસાર, સાબરકાંઠામાં છેલ્લા પખવાડિયાથી વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ગામમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ત્યારે વરસાદી ભેજના કારણે રતનપુર ગામમાં ગત રાત્રે મકાનની માટીની દીવાલ પડી હતી. આ દરમિયાન ઘરની આગળ રહી રહેલા ત્રણ બાળકો દીવાલ નીચે દટાયા હતા.

આ દુર્ઘટનામાં એક બાળક અને એક બાળકી સહીત ૨ના મોત થયા છે. બંનેની ઉંમર ૭ વર્ષની અંદરની હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે ખેરોજ પોલીસ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.